# સહજ-સત્સંગ

અંક : ૨૫૪ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ફેબ્રુઆરી : ૨૦૧૦




**Happy Birthday to You.....
my Sweet Mother.**



**મા મિરાંમ્બિકા**

ઈશ - સંકલ્પ ધારિણિ, કોષ રૂપાંતર કારિણિ ।
દિવ્યદેહ સુબંધિનિ, ઉત્ક્રાંતિ - ગતિ વિવર્ધિનિ ॥

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૭-મે-૧૯૧૪)

.... આપણે સ્વરૂપના પ્રત્યેક પ્રદેશની અંદર ચેતનાને સંપૂર્ણ અસ્તિત્વ પ્રત્યે જ્ઞાન અને પરમાનંદ પ્રત્યે જાગૃત કરવી જોઈએ. પરમાત્માની આ ત્રણ સૃષ્ટિઓ અથવા તો અવસ્થાઓ આપણને સ્થૂળ વાસ્તવિકતાની અંદર જોવા મળે છે તેમ જ શક્તિ અને પ્રકાશની અવસ્થાઓમાં જોવા મળે છે.....

..... આપણે જ્યારે આ ઊર્ધ્વ અવસ્થાઓમાં પૂરેપૂરી સભાન રીતે પ્રવેશ કરીએ છીએ ત્યારે આ અસ્તિત્વમાં, આ પ્રકાશમાં અને આ પરમાનંદમાં રહેવાનું સરળ બની જાય છે.....

સ્વરૂપને સ્થૂળમાં સ્થૂળ સ્તરોની અંદર આ ત્રિવિધ દિવ્ય ચેતના પ્રત્યે જાગૃત કરવું એ વધારે મહત્ત્વની વસ્તુ છે.....

..... આપણે સર્વ દિવ્ય જગતોના (બેશક વચલી કક્ષાના જગતની અંદરના) કેન્દ્રને શોધી લેવાનું રહે છે, ત્યાંથી આપણે આ દિવ્ય જગતોની ચેતનાને એકરૂપ કરી શકીએ છીએ. એ જગતોનો સમન્વય કરી શકીએ છીએ અને સર્વ પ્રદેશો ઉપર એકી સાથે અને પૂર્ણ જ્ઞાનપૂર્વક કાર્ય કરી શકીએ છીએ.....

..... મારી બુદ્ધિને માટે આ વસ્તુઓને કોઈક રીતની યોજનાપૂર્વક રજૂ કરવાની જરૂર રહે છે....

* * *

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (ચેતનાના ત્રિવિધ પાસાનો સમન્વય) | ૧ |
| **દૈનિક જીવનમાં યોગસાધના : કર્મ (૪)** (કાર્યદ્વારા સાધનામાં ઊભી થતી મુશ્કેલીઓ) | ૪ |
| **માતૃવાણી** (જગતમાં અનિષ્ટો શા માટે છે ?) | ૯ |
| **ગીતાનિબંધો** (ગીતાનો માર્ગ) | ૧૨ |
| **માનવવિકાસ ચક્ર** (સામાજિક વિકાસનો આદર્શ - ૨) | ૧૫ |
| **સાવિત્રી** (સનાતન જીવનની સ્થાપના) | ૧૭ |
| **યોગ વિષે પત્રો** (અધિમનસનું અસ્તિત્વ) | ૨૧ |
| **ભારતીય સંસ્કૃતિના પાયા** (વૈદિક સાહિત્યની મહત્તા) | ૨૫ |
| **યોગમાર્ગનો સમન્વય** (જીવન અને યોગ) | ૨૮ |
| **અરવિન્દોપનિષદ** (જગત એક લીલામાત્ર છે) | ૩૦ |
| **રાષ્ટ્રીય શિક્ષણ** (ઈન્દ્રિયોની કેળવણી) | ૩૩ |
| **ઉપનિષદોનું અમૃત** (માંડૂકી વિદ્યા) | ૩૭ |
| **વેદવિજ્ઞાન** (નાસદીય સૂક્ત) | ૩૯ |
| **સર્વાંગી આરોગ્ય** (સમન્વયાત્મક યોગ) | ૪૧ |
| **આગામી - ભાવિ** (નૂતન વર્ષની ખાસ પ્રાર્થના) | ૪૫ |
| **સુંદર કથાઓ** (સત્યવક્તા) | ૪૬ |
| **શ્રી અરવિન્દ પુદુચેરીનું આગમન શતાબ્દી** (ઉજવણીનો અર્થ) | ૪૭ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૫૪ વર્ષ : ૨૨
ફેબ્રુઆરી - ૨૦૧૦



સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**


**મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.**
**કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી**
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.**
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.


(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# ચેતનાના ત્રિવિધ પાસાંનો સમન્વય

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી અહીં સત્ માટે સંપૂર્ણ અસ્તિત્વ, ચિત્ માટે જ્ઞાન અને આનંદ માટે પરમાનંદ શબ્દો યોજી જણાવે છે કે પરમ ચેતનાનાં આ ત્રિવિધ સત્-ચિત્-આનંદ પાસાં છે. અર્થાત્ ચેતના પોતાના અસ્તિત્વ બાબત સભાન હોય છે અને તેમાં આનંદ એ છે.

આપણા સ્વરૂપમાં ચેતનાનાં અનેક સ્તરો છે અને દરેક સ્તર વિશિષ્ટ પ્રકાશરંગનો હોય છે, જેને આપણે યોગચક્રોનો પ્રકાશરંગ કહીએ છીએ. એક એક યોગચક્ર એક એક ચેતનાના પ્રદેશનું પ્રવેશદ્વાર પણ છે અને નિયંત્રણ કેન્દ્ર પણ છે.

આવા દરેક સ્તરે આપણે પરમ ચેતનાના ઉપર જણાવેલાં ત્રિવિધ પાસાંઓને પ્રગટ કરવાનો, અનુભવવાનો અભ્યાસ કરવો જરૂરી છે. આપણા સ્વરૂપને માતાજી અહીં 'સ્થૂળ વાસ્તવિકતા' તરીકે જણાવે છે.

માતાજી જણાવે છે કે નિમ્ન ચેતનાનાં પ્રદેશમાં રહીને આપણે આ ત્રિવિધ પાસાંઓની ઊર્ધ્વ ચેતનામાં પ્રવેશ મેળવી શકતા નથી, કારણ હજી તે પાસાંઓ આપણાં નિમ્ન ચેતનાનાં સ્તરે પ્રગટ થએલાં જ નથી. તેથી આપણે આપણી વ્યક્તિ - ચેતનાને ઊર્ધ્વરોહણ કરાવીને ઊર્ધ્વ કેન્દ્રોમાં ચેતનાને સ્થિર કરી જીવન જીવતા સક્ષમ બનાવીએ છીએ, ત્યારે જ પેલા ત્રિવિધ પાસાંઓનો અનુભવ થઈ શકે છે - પેલાં સત્માં, પેલી પ્રકાશમય ચેતનામાં અને દિવ્યાનંદમાં સ્થિર થતાં આવે છે.

પણ આ અવસ્થાને પ્રાપ્ત કરીને સંતોષ માનવાનો નથી. આપણે તો સ્થૂળમાં સ્થૂળ નિમ્ન ચેતનાનાં સ્તરોમાં પણ પેલી ત્રિવિધ દિવ્ય - ચેતના બાબત સભાન રહીને તેમાં જીવન ધારણ કરવાનું હોય છે. પૂર્ણયોગમાં આ મહત્ત્વનું છે કારણ આવી સ્થિતિ રચાયા વગર સ્થૂળ શરીરનું રૂપાંતર શક્ય જ નથી.

આપણા સ્વરૂપમાં સ્તરો ઉપર ત્રણ તત્ત્વો હાલમાં સંચાલન કરતાં હોય છે. નિમ્ન કક્ષાએ મનનું સંચાલન છે. આંતરસ્વરૂપ ઉપર ચૈત્યપુરુષનું અને ઊર્ધ્વ પ્રદેશમાં પરમ - પ્રભુનું.

આપણે પ્રથમ તબક્કામાં નિમ્ન સ્તરોનું સંચાલન ચૈત્યપુરુષને સોંપવાની સાધના કરવાની હોય છે. તેનો પ્રભાવ ઝીલી આ નિમ્ન મન, પ્રાણ, શરીરનું

(પૃ. ૨૭ ઉપર)

# દૈનિક જીવનમાં યોગસાધના (કર્મ - ૪)

- જ્યોતિબેન થાનકી

## કાર્ય દ્વારા સાધનામાં ઊભી થતી મુશ્કેલીઓ

સામાન્ય રીતે મનુષ્ય જ્યારે કામ કરવાનું છોડી દઈને સાધનામાં જ પ્રવૃત્ત બને તો તેને બાહ્ય મુશ્કેલીઓ ઓછી જણાય છે. પરંતુ કાર્યની સાથે સાધના કરવાની હોય તો અનેક પ્રકારની મુશ્કેલીઓ ઊભી થતી જોવા મળે છે. આ મુશ્કેલીઓ ઉપર વિજય મેળવીને આગળ વધવું એ ઝડપી આંતરિક વિકાસનો માર્ગ બની રહે છે.

સાધનાની દૃષ્ટિએ જ્યારે મનુષ્ય કર્મને સ્વીકારે છે ત્યારે કાર્યની બાબતમાં પોતાની કોઈ અંગત પસંદગી રહેતી નથી. વળી કોઈ કામ નાનું કે મોટું પણ રહેતું નથી. પરંતુ શરૂઆતમાં આપણી સામાન્ય પ્રકૃતિને તો પસંદગી હોય છે, તેથી ન ગમતું કામ મળે તો તેમાં કંટાળો આવે, થાક લાગે, કામ છોડી દેવાની ઈચ્છા થાય વગેરે સમસ્યાઓ આપણી અંદર જ સર્જાય છે. જેઓ બિલકુલ કામ કરતા હોતા નથી, તેમને આવી કોઈ જ સમસ્યાઓ ઊભી થતી નથી. પરંતુ તેમની આ પ્રકૃતિ પણ બહાર આવતી ન હોવાથી, તેના ઉપર વિજય મેળવી શકાતો નથી. પોતાને કામ ગમતું ન હોવાથી, તેના ઉપર છોડી દેવા અંગે એક સાધકે શ્રી અરવિન્દને લખેલા પત્રના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, ''મનપસંદ વસ્તુઓ કરવી એટલે પ્રાણમાં જ રાચવું, અને પ્રકૃતિનું નિયંત્રણ ચાલુ રાખવું. અરૂપાંતરિત પ્રકૃતિનું એ લક્ષણ છે કે તે પોતાના ગમા - અણગમા દ્વારા પોતાનું વલણ ચાલુ રાખે છે.'' કાર્ય દ્વારા પ્રકૃતિના ગુલામ નહીં, પણ પ્રકૃતિના સ્વામી બનવાનું છે. આથી દરેકે પોતાની પ્રકૃતિને અનુરૂપ, પોતાની આંતરચેતનાનો વિકાસ થાય તેવાં કાર્યો કરવાં જોઈએ.

### કયું કાર્ય પ્રકૃતિને અનુરૂપ ?

સામાન્ય રીતે આપણે એ જાણી શકતાં નથી કે કયું કાર્ય આપણી પ્રકૃતિને અનુરૂપ છે ! એક સાધકે શ્રી માતાજીને પ્રશ્ન પૂછ્યો હતો કે પોતાની ચેતનાના વિકાસ માટે કાર્ય કરવાનું હોય તો કેવી રીતે જાણવું કે આ કાર્ય અનુરૂપ છે ? શ્રી માતાજીએ જણાવ્યું હતું કે ''દરેકે પોતાની પ્રકૃતિને અનુરૂપ હોય એવી પ્રવૃત્તિ શોધી કાઢવી જોઈએ. કોઈપણ સામાન્ય ભૌતિક કાર્ય, જે સામાન્ય શક્તિ બહારનું ન હોય તે શારીરિક અને નૈતિક સમતુલા જાળવવા માટે ઉપયોગી હોય છે.'' આંતર નિરીક્ષણ દ્વારા પ્રથમ તો પોતાની પ્રકૃતિને જાણવાની છે અને એ પછી એને અનુરૂપ કાર્ય ક્યું છે, તે સહજપણે જ જાણી

શકાય છે. જો વ્યક્તિને કાર્ય માટે પસંદગી કરવાની હોય તો તેણે પોતાની પ્રકૃતિ પ્રમાણે, શક્તિની મર્યાદામાં થઈ શકે તેવું કાર્ય કરવું જોઈએ, પણ જો પસંદગી કરવાની ન હોય તો શ્રી માતાજી કહે છે તેમ શાંત મને, શાંત ભાવે, આનંદપૂર્વક, જે કામ મળ્યું છે, તે કરવું જોઈએ.

**કાર્યમાં સફળતા કેમ મળતી નથી ?**

ઘણી વખત એવું પણ બનતું હોય છે કે વ્યક્તિ સારી રીતે કામ કરે તો પણ એ કામ સફળ થતું નથી. તેનું પરિણામ ઊંધું જ આવે છે, તો શું કરવું ? આવા એક પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજીએ કહ્યું હતું કે કામમાં સફળતા મેળવવી એ તો પ્રાણમય વસ્તુ છે. સફળતા ન મળે તો ધીરજ રાખવી. સમતા રાખવી. આંતરચેતનામાંથી કાર્ય થતું હોય તો સફળતા મળે કે ન મળે, પણ કાર્ય તો ચાલુ જ રહે છે. આપણે સફળતાનો નહીં પણ પૂર્ણતાનો આગ્રહ રાખવો જોઈએ. આમ કાર્ય પાછળનો હેતુ જ બદલાઈ જાય તો પછી કાર્ય કરવાનો સાચો આનંદ મળે છે. મોટાભાગે એવું બનતું હોય છે કે જ્યારે કામમાં નિષ્ફળતા મળે ત્યારે માણસ એવું વિચારવા લાગે છે કે આ કામ હવે હું નહીં કરી શકું. શ્રી માતાજી કહે છે કે આ વલણ ખોટું છે. એના બદલે એમ વિચારવું જોઈએ કે આ કામ હું કરી શકીશ. મને એ માટે ભગવાનની સહાય મળશે જ. આ વલણ સાચું છે. '' આ વલણથી શ્રદ્ધાપૂર્વક કામ કરવાથી આનંદ પણ આવશે અને સફળતા પણ મળશે.''

**સારી રીતે કામ કરવા શું કરવું જોઈએ ?**

એક સાધકે શ્રી માતાજીને પ્રશ્ન પૂછ્યો હતો કે ''હું કામ તો કરું છું, પણ મારાથી સારી રીતે કામ થતું નથી, તો એ કેવી રીતે કરવું ?'' શ્રી માતાજીએ તેને જણાવ્યું કે, ''તમારું કામ સારું થતું નથી, કેમ કે તમે પછીથી કરવાનાં કાર્યોનો વિચાર પહેલાં કરો છો. તો પછી તમારું કાર્ય કદી સારું થાય નહીં. કાર્ય કરતી વખતે ભૂતકાળ તમને ખેંચી ન જવો જોઈએ તેમ ભવિષ્ય પણ તમને ઘસડી જવું ન જોઈએ. તમે જે ક્ષણમાં હો, તેમાં જ ઓતપ્રોત બનો. શાશ્વતીમાં જીવો. કામ કરતા હો તેમાં એવી રીતે એકાગ્ર થવું જોઈએ કે આખા જગતની મુક્તિનો આધાર એ કાર્ય ઉપર રહેલો હોય.'' આ રીતે જો કોઈપણ કાર્ય કરવામાં આવે તો તે ઉત્તમ રીતે થાય.

**ખૂબ ઝડપથી કામ કેવી રીતે કરવું ?**

જ્યારે વ્યક્તિને ખૂબ ઝડપથી કામ પૂરું કરવું હોય ત્યારે ઉતાવળમાં કશુંક ભૂલી જાય છે, અથવા તો હાથમાંથી વસ્તુઓ પડતી જાય છે કે કામમાં કંઈક ભૂલ થઈ જાય છે. રોજિંદા જીવનમાં આવું અનેક વાર થતું હોય છે, તો ઝડપથી કામ કેવી રીતે કરવું ? આવા એક પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજીએ જણાવ્યું હતું કે, ''તમે ઉતાવળે કામ કરો

તો કામ ખરાબ થાય અથવા તો પૂરું નથી કરી શકતા. ઝડપથી કામ કરવા માટે એકાગ્રતા વધારવી જોઈએ.'' આ માટે તેઓ ઝડપથી સ્નાન કરવાનું દૃષ્ટાંત આપે છે કે, ''તમે ખૂબ ઝડપથી સ્નાન કરો તો તમે સારી રીતે નહાતાં પણ નથી અને કપડાં પણ બરાબર રીતે પહેરતાં નથી. પણ આમાં એક બીજો રસ્તો પણ છે અને તે તમારું ધ્યાન અને શક્તિ એકાગ્ર કરવાનો. તમે જે કરતાં હો, તેનો જ વિચાર કરો. બીજી કોઈ વસ્તુ વિષે વિચાર ન કરો (અને આ અનુભવમાં મૂકેલી વાત છે, તેથી હું ખાતરીપૂર્વક કહી શકું છું) તમને પહેલાં તે માટે અર્ધો કલાક લાગતો હતો. હવે તમે તે પંદર મિનિટમાં કરી શકશો અને વળી તે એટલી જ સારી રીતે કે તેથી પણ વધુ સારી રીતે. તેમાં કશી વસ્તુ ભૂલી જતાં નથી કે કશી વસ્તુ કરવાની બાકી રાખતાં નથી. એકાગ્રતાની સઘનતાને કારણે બધું થઈ શકે છે. ઝડપથી કામ કરવાનો એક જ ઉકેલ છે; એકાગ્રતાની માત્રા વધારવી. શરૂઆતમાં આને લઈને કદાચ તમારામાં ઉશ્કેરાટની લાગણી થાય છે, પણ તમને મહાવરો પડે એટલે ઉશ્કેરાટ શમી જાય છે અને પછી એવો સમય આવે છે કે જ્યારે જે વસ્તુથી તમને થાક લાગતો હતો, તે હવે થતું નથી. તમારું ધ્યાન વેરવિખેર થતું નથી. અન્ય વસ્તુઓ તમારું ભક્ષણ કરી જાય એવું બનતું નથી. આ રીતે તમારા વિકાસના સાધન તરીકે તમે કામનો ઉપયોગ કરી શકો છો.''

**કામમાં બહુ થાક લાગે છે તો શું કરવું ?**

જ્યારે મનુષ્યને એક સાથે ઘણું કામ આવી પડે તો તે થાકી જાય છે, અથવા તો જેમ તેમ પૂરું કરી નાંખે છે. નહીંતર કામ લંબાયા કરે છે અને નિયત સમયમાં પૂરું થતું નથી. ક્યારેક એવું પણ બને કે વધારે પડતા કામના બોજાથી મનુષ્ય ભાંગી પડે કે નબળાઈ આવી જાય કે માંદો પડી જાય. તો આનાથી બચવા શું કરવું જોઈએ ? થાક્યા વગર કામ થઈ શકે ખરું ? આવા પ્રશ્નના ઉત્તરમાં શ્રી માતાજીએ કહ્યું હતું, '' જો સખ્ખત કામને લઈને શરીરને થાક લાગ્યો હોય તો કામ બંધ કરીને આરામ લઈ લેવો. શરીર ઉપર કામનો ભારે બોજો લાદવો નહીં. શરીર પર જોરજુલમ કરીને વધારે કામ કરાવવામાં આવે તો તેની સમતુલા તૂટી જતાં તે માંદું પડી જાય છે. જેમ ભારે વજન ઊંચકનારાઓ એકાએક ભારે વજન ઊંચકતા નથી. પણ ધીમે ધીમે શરીરને ટેવ પાડે છે એ જ રીતે વધારે કાર્ય કરવા માટે પણ શરીરને ટેવ પાડવી પડે છે. તેને તાલીમ આપવી પડે છે.'' તેમ છતાં કોઈપણ કામ થાક્યા કે કંટાળા વગર કરવું હોય તો તે માટેની રીત બતાવતાં શ્રી માતાજી કહે છે કે, '' તમે જે કાર્ય કરતા હો તે તમારે પ્રભુને અર્પણ કરી દેવું અને એ કાર્ય માટે પ્રભુની સહાય માંગવી.'' પ્રભુની શક્તિ તો અખૂટ છે. સાચા દિલથી આપણે માગીએ તો એ કાર્ય માટેની શક્તિ જરૂર મળે છે. શ્રી માતાજી કહે છે કે ''પછી તો તમે એવું અનુભવશો કે પ્રભુની શક્તિએ જ તમારા દ્વારા કાર્ય કર્યું છે અને એથી એ કાર્યનો

યશ પણ પ્રભુનો છે.'' આ રીતે જો કાર્ય પ્રભુની શક્તિ દ્વારા થાય તો તેમાં નથી થાક લાગતો કે નથી કંટાળો આવતો. ઊલ્ટાનું ઉત્સાહ, આનંદ વધે છે, પ્રભુની સૂક્ષ્મ હાજરીનો અનુભવ થાય છે અને કાર્ય ક્યારે પૂરું થઈ જાય છે, તેની ખબર પણ પડતી નથી.

**કાર્ય કરવામાં આનંદ આવતો નથી તો શું કરવું ?**

ઘણીવાર વ્યક્તિ પોતાને કામ કરવું પડતું હોવાથી કરતી હોય છે, એમાં એને બિલકુલ આનંદ આવતો નથી અને એટલે તે કામ જેમ તેમ પૂરું કરી નાંખે છે. આવી સ્થિતિ સર્જાય ત્યારે શું કરવું ? એ સંદર્ભમાં શ્રી માતાજીએ બાળકોને જણાવ્યું હતું કે, ''તમે જે કાંઈ કામ કરો, તેમાં તમને જો રસ પડે તો જ તેમાં તમને આનંદ આવે, પછી એ કાર્ય ભલે ગમે તેટલું કઠિન હોય પણ તેમાં તમને રસ પડવો જોઈએ. રસ પડે તે માટે તમારે તે કાર્ય વધારે ને વધારે સારું કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રયત્ન કરશો, તો પછી તમને આનંદ આવવા માંડશે. જ્યારે માણસ આંતરિક રીતે પ્રગતિ કરે છે ત્યારે તેને નવીનતાની પ્રાપ્તિ થાય છે. ત્યારે એનું એ કામ પણ નીરસ કે કંટાળાજનક લાગતું નથી. તમે સતત આંતરિક પ્રગતિ કરતા રહો તો તમને કાર્ય ક્યારેય યાંત્રિક કે નીરસ નહીં લાગે.'' ખાસ કરીને માણસ જ્યારે પોતાના અંગત સ્વાર્થ માટે કામ કરતો હોય અને એ હેતુ સધાય નહીં ત્યારે તે દુઃખી થઈ જાય છે. અને પછી કામ કરવાનું છોડી દે છે. શ્રી માતાજી કહે છે કે,'' પોતાના લાભ કે સ્વાર્થને બદલે જો વ્યક્તિ પ્રભુની સેવા અને સંકલ્પને અભિવ્યક્ત કરવા કામ કરે તો એ કાર્યમાં આનંદ આવશે.'' તેમણે એમ પણ જણાવ્યું છે કે, ''પ્રભુ માટે કામ કરો, તમે તમારા સ્વરૂપને એક અનિર્વચનીય આનંદથી ભરેલું અનુભવશો.''

**કામનાં ભારે તનાવમાંથી કેવી રીતે મુક્ત થવું ?**

આજકાલ દરેક વ્યક્તિને કોઈ ને કોઈ પ્રકારનું ટેન્શન તો હોય છે જ. આ ટેન્શનથી અનેક પ્રકારના રોગો થાય છે. કામના વધારે પડતા ટેન્શનમાંથી મુક્ત થવા શ્રી માતાજી રસ્તો બતાવતાં કહે છે : ''જ્યારે તમારે કામ કરવાનું હોય ત્યારે જ તમે કામનો વિચાર કરો તો તનાવ રહેશે નહિ.'' આપણે તો દિવસો અગાઉથી કામનો વિચાર કરીને મગજમાં બોજો વધારી દઈએ છીએ. એક સમયે એક જ કામ એકાગ્રતાપૂર્વક કરવાથી તનાવ રહેતો નથી. અને એ રીતે એક કામ પૂરું કરી બીજું હાથમાં લેવાથી કામો સારી રીતે થઈ જાય છે અને ખૂબ જ હળવાશ અનુભવાય છે.

**કામમાં ભૂલ ન થાય તે માટે શું કરવું ?**

આશ્રમમાં એક સાધકે શ્રી અરવિન્દને પત્રમાં જણાવ્યું કે, ''હું કામ તો કરું છું પણ

તેમાં ભૂલો થયા કરે છે, તેથી કામ બગડે છે અને હું અસ્વસ્થ બની જાઉં છું, મને મારી જાત ઉપર ગુસ્સો આવે છે અને હું એવું માનવા લાગું છું કે હું કામ કરવાને લાયક નથી.'' આના જવાબમાં શ્રી અરવિન્દે તેને લખી જણાવ્યું હતું કે ''હું તે કાર્ય કરવા માટે લાયક નથી, ખરાબ છું, મારાથી કંઈ થઈ શકે તેમ નથી, આ કામ ખરાબ થયું, પેલું ખોટું થયું, આવું વિચારવાથી તમે પોતે જ ગૂંચવાઈ જાઓ છો, ગોટાળો કરી બેસો છો. તેથી સ્વાભાવિક રીતે જ તમે અવારનવાર ભૂલો કરો છો. જ્યારે તમે સરળ રીતે વિશ્વાસપૂર્વક કામ કરો છો, ત્યારે વધારે સારું કાર્ય કરી શકો છો. સારી વસ્તુ એ છે કે તમારે કાર્ય કે સાધના સ્થિર મનથી કરવાં દિવ્યશક્તિને કાર્ય કરવા દેવું અને શ્રેષ્ઠ રીતે જે કાર્ય કરાવે તે સારી રીતે કરવું. દરેક બાબતમાં પોતાની જાતનું આત્મપીડન ન કરવું અથવા તો અસ્વસ્થ રહીને પ્રશ્નો ન કર્યા કરવા. જો તમે તમારા એક ના  એક કક્કાને પકડી ન રાખો, તો જે કંઈ ખામીઓ હશે તે ઝડપથી સુધરતી જશે. કારણ કે એ ખામીઓનો જ આટલો બધો વિચાર કર્યા કરવાથી તમે તમારી આત્મશ્રદ્ધા ગુમાવશો, તેમ જ દિવ્ય-શક્તિ પ્રત્યે તમે તમારી જાતને ખુલ્લી થતી અટકાવશો. (જે દિવ્ય શક્તિ કાયમ તમારી અંદર રહેલી જ છે) અને તમારી કાર્ય કરવાની રીતમાં બિનજરૂરી મુશ્કેલી ઊભી કરશો.'' કામ કરતાં કરતાં ભૂલો તો થાય, પણ એ ભૂલોને જો પ્રગતિના સોપાન તરીકે સ્વીકારીને, તેને પછી સુધારીને, વિશેષ જાગૃત બનીને, વ્યક્તિ પોતાનું કાર્ય ચાલુ રાખે તો ખૂબ ઝડપી વિકાસ થાય છે.

---

(પૃ.૩૧ ઉપરથી)

## અરવિન્દોપનિષદ

આનંદસ્વરૂપ પરમાત્માને પણ નાથી શકે છે? તેને વિવશ કરી શકે છે? તેને પરાભૂત કરી શકે છે ? તેને નિયંત્રણમાં રાખી શકે છે ? અને જો આવાં તત્ત્વો હોય તો તે જ વધારે શક્તિશાળી ગણાય.

પણ શ્રી અરવિન્દ જણાવે છે કે આવું ધારવાથી બે દોષ નિર્માણ  થાય છે :

૧ પરમાત્મા પણ પરિસ્થિતિ સામે લાચાર છે એમ જ માનવું જોઈએ. પણ તે તો સર્વશક્તિમાન છે.

૨ પરામાત્મા સિવાય જગતમાં તેથી તદ્દન ભિન્ન એવા તત્ત્વો છે એમ પણ કહેવાય નહીં પણ જગતમાં તો પરમાત્મા સિવાય અન્ય કાંઈ જ નથી.

તો આનો જવાબ શું? આનો જવાબ એ છે પરમપ્રભુ પોતે જ પોતાની રીતે રમત રમી રહ્યાં છે. માણસ ડાબા અને જમણા હાથે ચેસની સોગઠીઓની એકબીજાને શેહ આપવા ચાલ ચાલે તેવી આ વાત છે. પિતા બાળકને આનંદ કરાવવા પોતે મૂર્ખા બને અને પ્રેમથી રમત રમે તેવી આ વાત છે. આ પ્રભુની સ્વૈચ્છિક રમત છે. ગંમત ખાતર, લીલા ખાતર ક્રીડા ખાતર જ તેણે જગતરૂપી ચેસનો પટ માંડ્યો છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## જગતમાં અનિષ્ટો શા માટે છે ?

### અવતરણો

(માતૃવાણી - ૩, પૃ.૧૧૦-૧૧૩)

૧ એ ભયની સૂચના સર્વસામાન્ય છે અને સમસ્ત માનવજાતિની ચેતનામાં એ રહેલી છે. પૃ.૧૧૦

૨ ઘૃણા એ અજ્ઞાનની નિશાની છે. પૃ.૧૧૧

૩ ચેતનાનો વિકાસ થતાં અજ્ઞાન દૂર થઈ જાય છે. પૃ.૧૧૧

૪ એ પૂર્ણ ચેતનાને પ્રાપ્ત કરવાનો ઉપાય..... ભગવાનની દિવ્ય જ્યોતિ પ્રત્યે ખુલ્લી કરવાની છે તથા દિવ્ય જ્યોતિને તેના પર છૂટથી અને પૂર્ણપણે કાર્ય કરવા દેવાનું છે. પૃ.૧૧૧

૫ ઘૃણાની વૃત્તિ એ નિર્બળતાનું લક્ષણ છે. પૃ.૧૧૨

૬ સર્વ કંઈ આવે છે તો ભગવાનમાંથી જ. પરંતુ એક અદ્વિતીય, પરમ ભાગવત ચેતનાએ આ સૃટિને સીધેસીધી પોતાનામાંથી સરજાવી નથી.

૭ આ જગતના નિર્માણમાં એવા ઘણાં (વચગાળાનાં) રૂપ વિધાયકોએ ભાગ લીધો છે કેટલાકોએ..... કલ્યાણમય વસ્તુઓ રચી છે તો કેટલાકે અશુભ અને હાનિકારક વસ્તુઓ પણ રચી છે. પૃ.૧૧૨

૮ 'જડતત્ત્વ' એટલે અજ્ઞાન અને તમોગ્રસ્તદશા એવું માની લેવું એ ભૂલ છે. પૃ.૧૧૩

૯ અત્યારે તો એ જગત વિસંવાદમય અને અંધકારમય છે. પૃ.૧૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી, ઘૃણા કે ભયને કેવી રીતે જીતી શકાય?

બેટા, ઘૃણા અને ભય બન્ને આત્મ - સંરક્ષણની અગમચેતી રૂપે આપેલા નૈસર્ગિક પ્રત્યાઘાતો છે. પશુઓમાંથી આ વારસો માનવોને મળેલો છે. પશુઓ ઝેરી વનસ્પતિને સુંઘીને ખાતા નથી. તેવી વનસ્પતિ પ્રત્યે તેમને સાહજિક ઘૃણા જન્મે છે. ભય પણ પાછલા અનુભવો જે વારસાગત મળેલા હોય છે તેનો પરિણામ હોય છે.

ધૃણા અને ભય અજ્ઞાનની ક્રિયા છે. તેનો ઉપાય છે અજ્ઞાનનો નાશ કરવો, સાચી સમજણ પેદા કરવી, ચેતનાના વિકાસથી જ સાચી સમજણ આવે છે. વધારે સચેતનતા એ જ તેનો ઉપાય છે. શુદ્ધ, સરળ, જ્યોર્તિમય ચેતનાને ટકાવી રાખવી એ જ ચેતનાનો વિકાસ છે.

આવી ચેતના બે પ્રકારે કાર્ય કરે છે. ધ્યાનમાં જ્યારે આપણે નિષ્ક્રિય સાક્ષીભાવ ધારણ કરીએ છીએ ત્યારે ચેતના અરીસા જેવી બની જાય છે. તે સામેની વસ્તુનું સાચું વાસ્તવિક પ્રતિબિંબ પાડે છે અને તેથી તે વસ્તુની સાચી ઓળખાણ મળે છે. પણ વસ્તુને ઝીણવટથી આરપાર જોવી હોય તો તમારે ચેતનાના પ્રકાશને તે વસ્તુ ઉપર સર્ચ-લાઈટની જેમ નાખવો પડે છે તેથી તે વસ્તુ બાબત સાચી ઊંડી સમજણ મળે છે.

ચેતનાની આવી સાચી શક્તિ કેળવવા ચેતનાને તેની મર્યાદાઓથી મુક્ત કરીને ફક્ત પ્રભુના પ્રકાશને ઝીલતી કરવાની જરૂર છે. તેથી તમારા પૂર્વગ્રહો, પસંદગીઓ બધાં જ શમી જશે અને ચેતનાની સમતા ત્યાં સ્થિર થશે.

ધૃણા, નબળાઈ અને નિર્બળતાનું લક્ષણ છે. કોઈ વસ્તુને ટાળવાની વૃત્તિ એટલે ધૃણા. તે વસ્તુમાંનાં આંદોલનો તમને હાનિકારક લાગે છે, તેથી તેનાથી દૂર ભાગો છો. પણ તમે ઉપર મુજબ ચેતનાને જ્યોતિર્મય કરી બળવાન કરશો તો તે વસ્તુ તમને હાનિ પહોંચાડે તે પહેલાં જ તમે તમારી આજુબાજુ સુરક્ષા-ચક્ર ગોઠવી શકશો. તે વસ્તુનાં આંદોલનો આ વલય ભેદીને અંદર પ્રવેશી જ નહિં શકે, તેથી તમને તે વસ્તુની નજીકની હાજરી પણ ક્ષોભ નહિ નિર્માણ કરે.

માતાજી, જો સૃષ્ટિનું આદિકરણ પ્રભુ જ છે જે પ્રેમસ્વરૂપ છે, તો પછી સૃષ્ટિમાં આવા ધૃણા, ભય જેવા અનિષ્ટો ક્યાંથી આવ્યાં ?

બધું પ્રભુમાંથી જ આવિર્ભાવ પામ્યું છે એ સત્ય છે, પણ સીધેસીધા પ્રભુમાંથી આવિર્ભાવ પામ્યું નથી. વચગાળાનાં અનેક ચેતનાનાં સ્તરો રચાઈને છેલ્લે સૃષ્ટિ નિર્માણ થઈ છે. દરેક સ્તરના નિર્માતાને 'સ્રષ્ટા' કહે છે. આમ અનેક સ્રષ્ટા છે જે ભાગવત ચેતનાથી જુદા જ ગુણધર્મો ધરાવે છે.

માતાજી તેમને સ્રષ્ટા કહેવા તૈયાર નથી કારણ તેઓ ખરેખર સર્જક નથી, પણ રૂપો ઘડનાર આકાર દેનાર 'રૂપ-વિધેયકો' છે. વેદોમાં તેથી તેમને 'ત્વષ્ટા' કહે છે. ત્વષ્ટા એટલે તાંસનાર સુથાર. સુથાર લાકડાનું સર્જન કરતો નથી પણ લાકડાને તરાંસીને જુદું રૂપ આપે છે. તે રૂપનો ઘડવૈયો છે. લાકડાનો સ્રષ્ટા નથી. આ રૂપના ઘડવૈયાઓ પૈકી અમુકે અશુભ વસ્તુઓ રચી છે, તેથી જગતમાં ધૃણા અને ભય જેવાં અનિષ્ટો છે.

પણ આ અનિષ્ટો પણ જગતની ઉત્ક્રાંતિ માટે અમુક કક્ષાએ ઉપયોગી જરૂર

નીવડ્યાં છે. પશુ અવસ્થામાં તેઓ અનિષ્ટ નહિ પણ ઈષ્ટ અને ઉપકારક હતાં. કારણ તેથી તે પશુઓ આત્મસંરક્ષણ કરી શકતા હતા.

માનવને તે નિરૂપયોગી થવાથી હવે તે અનિષ્ટ બન્યાં છે એટલું જ.

માતાજી, આ બ્રહ્માંડમાં અનેક સૃષ્ટિઓ છે. તેઓની એકથી એક ચડિયાતી શ્રેણીઓ છે, પણ પાર્થિવસૃષ્ટિ નિમ્ન પ્રકારની સૃષ્ટિ છે એ સાચું છે ?

આપણી સૃષ્ટિ પાર્થિવ જરૂર છે પણ નિમ્ન સ્વરૂપની નથી. તેને હલકી ન ગણવી જોઈએ. તેમાં જે દોષો છે તે પાર્થિવતાનાં કારણે નથી પણ અજ્ઞાનનાં કારણે છે. જડ તત્ત્વ એ અજ્ઞાનમય અને તમોગ્રસ્ત હોય જ એવો કોઈ નિયમ નથી. વળી આપણે માનવો ફક્ત જડ પાર્થિવ સૃષ્ટિમાં જ જીવતા નથી. આપણે પ્રાણમય અને મનોમય સૃષ્ટિમાં પણ વિચરીએ છીએ.

આ પાર્થિવ-જગતની એક અનન્યતા છે. જેમ પ્રાણમય જગત અને મનોમય જગત આ પાર્થિવ જગતમાં આપણી દ્વારા વાસ્તવિક બન્યું છે, તેમજ અન્ય જગતો પણ આવિર્ભાવ પામવાનાં જ છે; આ પાર્થિવ જગત તેમના માટે આવિર્ભાવનું સ્થાન છે. અહીં બધાં જગતો ભેગાં થવાનાં છે અને ઉપર તેઓ જેમ અલગ સ્વતંત્ર રહે છે તેમ ન રહેતાં બધાં સમન્વય સાધી સંયુક્ત રીતે સંવાદમાં રહેવાનાં છે. તેઓ પ્રભુનાં બધાં જ પાસાંઓને પ્રગટ કરવાનાં છે.

અત્યારે આ સમગ્ર પ્રક્રિયા હજી અધૂરી છે તેથી પાર્થિવ જગત વિસંવાદમય અને અંધકારમય લાગે છે એ સાચું, પણ આ જ પરિસ્થિતિ કાયમી સ્વરૂપે રહેવાની નથી. આપણે બધા અહીં છીએ તે આ વિસંવાદને હઠાવી સંવાદપૂર્ણ સર્વ જગતોનો આવિર્ભાવ કરવા માટે જ.

એક દિવસ આવશે જ્યારે જગત સમગ્ર, સુંદર અને લયબદ્ધ સુસંવાદી બનશે. શ્રી અરવિન્દ તેને જ 'અતિમનસ જગત' કહે છે.

જગતની આ નિશ્ચિત નિયતિ છે.

---


# SPONSERSHIP

This issue is sponsered by RAVINDRA AND TARALIKA PATEL of U.S.A. in the memory of late Bharatiben B. Trivedi who was so much part of "Sahaj-Satsang" and Ma Sri Arvind Sadhana Trust. May her soul rest in eternal peace !

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

## ગીતાનો માર્ગ

**અવતરણો** - (પ્રકરણ - ૧૨) (પૃ.૪૭૨-૪૮૫)

૧ પ્રભુનો જે સંકલ્પ તેની અસલ જ્ઞાનજ્યોતિમાંથી અને તેની દિવ્ય પ્રકૃતિની સક્રિય શક્તિ વડે જગતના ઉપર કાર્ય કરી રહેલ છે તેની સાથે સતત એકતા સાધવાનું ધોરણ તેણે સ્થાપન કરવાનું છે. પૃ.૪૭૨

૨ જેને આધ્યાત્મિક મુક્તિનું સાધન અને એકમાત્ર સાર તરીકે સ્વીકારવામાં આવે છે તેનો અર્થ જ્ઞાનયોગ સમજવાનો છે..... તે અદ્વૈત એટલે કોઈ પરમ-અનંત, નીરવ, અસ્પર્શ્ય, અલગ-એવા અવ્યક્ત બ્રહ્મ સાથે એકતા. પૃ.૪૭૩

૩ તારે જ્ઞાન, કર્મ અને ભક્તિ વડે આ વિશ્વરૂપ (સક્રિય સ્વરૂપ) સાથે એકતા કરવાની છે. પૃ.૪૭૬

૪ ગીતાનો માર્ગ સૌથી વધારે ઝડપી, સૌથી વિશાળ, સૌથી મહાન છે. પૃ.૪૭૯

૫ આ અધ્યાયમાં ગીતા ક્રમેક્રમે ચડતા સામર્થ્યવાળી સાધનાની શ્રેણી આપે છે અને તેમાં એ નિષ્કામ કર્મયોગને સૌથી ઉચ્ચ સ્થાને મૂકે છે. પૃ.૪૮૧

૬ સમતા, નિષ્કામતા અને આત્માની મુક્તિના ઉપર તે ભાર દે છે. પૃ.૪૮૧

૭ ગીતાની ભાષામાં 'ધર્મ' એટલે સદ્ વસ્તુમાં રહેલો.... તેનાં કાર્યો તથા અંતરના સ્વભાવમાંથી ઉદ્ભવતું અને સ્વભાવ વડે નિયત થતું કર્મ. પૃ.૪૮૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

અર્જુનની કર્મ કરવાની ભૂમિકા બદલાઈ રહી છે. જે કર્મને તે ઘોરકર્મ કહેતો હતો તેને હવે તે પ્રભુનું કાર્ય તરીકે જોઈ રહ્યો છે. કર્મનો એક વ્યક્તિનિરપેક્ષ એવો ઉદ્દેશ તેને દેખાય છે. પ્રભુનો સંકલ્પ પોતાની પ્રજ્ઞા-શક્તિ દ્વારા જગતને ઘાટ આપવા વૈશ્વિક-સ્તરે જે પ્રયત્ન કરી રહ્યો છે તેની સાથે સંવાદમય રીતે પોતાના વ્યક્તિગત કર્મોને અને જીવનને ગોઠવવાની તેને જરૂર જણાય છે.

પણ આ તો એક અતિગહન પ્રક્રિયાનું ફક્ત કેન્દ્રિય સત્ય દર્શાવવાનો પ્રયત્ન છે. તે બાબત સાંગોપાંગ વિગતો અર્જુનને સમજાવવાની જરૂરિયાત છે અને અહીં જ વેદાંત અને ગીતાના ઉપદેશની, મુક્તિની કલ્પનામાં ભેદ નિર્માણ થાય છે. પ્રભુ સાથે

જ્ઞાનાત્મક એકતા પ્રાપ્ત કરી પ્રશાંતિમાં સ્થિર થઈ ધ્યાન અને સમાધિમાં ડૂબી જવું એ વેદાંતની મુક્તિની કલ્પના છે. જ્યારે ગીતા જ્ઞાનાત્મક એકતા ઉપરાંત દિવ્ય કર્મોની વિશ્વરૂપ સાથેની એકતા અને તે દ્વારા વિવિધ કર્તવ્યો પાર પાડવા એ ગીતાનો મુક્તિનો બોધ છે.

આવી રીતે પોતે ધારણ કરેલા પ્રભુના સંકલ્પની પ્રેરણાઓનુસાર કર્મો કરતાં રહેવું અને સાથે વિવિધતામાં રહેલ પરમ-ચેતનાની એકતાનો સ્પર્શ મેળવી તેમાં જ ચેતનાને સ્થિર કરીને જીવન વીતાવવું આને જ ગીતા 'જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ' (૧૧.૫૪) કહે છે અર્થાત્ પરમચેતનાને જાણવી, તેને આંતરચક્ષુથી જોવી અને તે ચેતનામાં પ્રવેશીને એકરૂપ થઈ ને રહેવું એમ કહે છે.

આ અવસ્થા જ્ઞાનીઓનું 'બ્રહ્મનિર્વાણ' નથી, પણ 'બ્રહ્મભૂત' થવું છે. આમાં સાયુજ્ય, સાલોક્ય, સામીપ્ય, સાદૃશ્ય ચારે મુક્તિઓનો સુમેળ સધાય છે. બ્રહ્મભૂત થવું એટલે બ્રહ્મનો અંશ બની રહેવું. તેથી આ સાયુજ્યમુક્તિ છે. સાયુજ્ય એટલે જોડાઈ જવું. સાલોક્ય એટલે જેમાં આલોક, પ્રકાશની એકરૂપતા સધાય તેવી એકતા. આત્મપ્રભા સાથે એકરૂપ થવું એ સાલોક્ય મુક્તિ છે. બ્રહ્મસંસ્પર્શ અનુભવવો એ સામીપ્યમુક્તિ છે. સામીપ્યમાં સમીપતા અર્થાત્ સ્પર્શ અનુભવાય છે. સાદૃશ્યમુક્તિમાં બ્રહ્મની અસીમતા સાથે એકરૂપ થઈ જવાય છે. અસીમતાની સમાનતા રચાય છે. એકંદરે તેમાં પ્રભુનો જ ભાવ જાગે છે. 'મદ્‌ભાવમાગતાઃ' સાધર્મ્ય આગતાઃ, (૧૪.૨) પ્રભુની દિવ્યપ્રકૃતિ જેવી જ પોતાની પ્રકૃતિને બનાવી નાખે છે.

અર્જુન જે ભક્ત હતો, તેની ચેતનામાં નીચેનો વિકાસ આ રીતે તબક્કાવાર સધાય છે :

૧ પોતાના વ્યક્તિગત ક્ષરપુરુષને ઓળખવો.

૨ નિર્વૈયકિતક અક્ષરબ્રહ્મમાં અર્જુનને પોતાની વ્યક્તિગત ચેતનાને વિલીન કરવાનો બીજો તબક્કો ગણાવેલ છે.

૩ હવે જ્ઞાન, કર્મ અને ભક્તિ વડે વિશ્વરૂપ સાથે એકરૂપતા સાધવી, એ ત્રીજો તબક્કો જણાવે છે અર્થાત્ પુરુષોત્તમ ચેતના પ્રાપ્ત કરવી.

બીજા અને ત્રીજા તબક્કાનો ઉલ્લેખ 'આત્મનિ અથો મયિ' આ ત્રણ શબ્દો વડે જ દર્શાવેલ છે (૧૨.૧).

પ્રચલિત વેદાંતમાં તો અક્ષર બ્રહ્મને અંતિમ સત્ય ગણાવેલ છે અને સાકાર ઈશ્વર સ્વરૂપને (સગુણબ્રહ્મને) તેથી ઉતરતા ક્રમનું ગણેલું છે. તો પછી અહીં ગીતામાં આવો વિપરીત ક્રમ શા માટે લગાડેલ છે ? શ્રીકૃષ્ણ તો ૧૨.૨ના શ્લોકમાં સગુણ સાકાર ઈશ્વરતત્ત્વ સાથે એકરૂપ થનારને શ્રેષ્ઠ યોગી ગણાવે છે. અક્ષરબ્રહ્મનો સાક્ષાત્કાર કરનાર યોગીને કનિષ્ઠ કહ્યો છે, તેનાં બે કારણો છે :

૧ તે માર્ગ કઠણ અને દુષ્કર છે. (કલેશોધિક-૧૨.૫)

૨ તેમાંનો સાક્ષાત્કાર ઉતરતા ક્રમનો અને અધૂરો છે.

૩ માનવ કર્મવિરહીત અવસ્થામાં રહી શકતો નથી જે આ કક્ષા માગે છે.

કઠણ સાધના વધારે શ્રેષ્ઠ હોવી જ જોઈએ એવું સમીકરણ નથી.

ગીતાના માર્ગમાં કર્મને સ્વીકારવામાં આવે છે, પણ તેને પ્રભુના સંકલ્પના વાહક બનાવવામાં આવે છે.

આવી રીતે ગીતાનો માર્ગ વધારે ઝડપી, વિશાળ અને મહાન બની જાય છે.

ગીતા યોગનાં ચડતા ક્રમ દર્શાવે છે :

૧ યોગનો સમજણ વગરના અભ્યાસ કરતાં સમજણ જ્ઞાન શ્રેષ્ઠ છે.

૨ ચિંતનાત્મક જ્ઞાન કરતાં ધ્યાન શ્રેષ્ઠ છે કારણ ધ્યાન દ્વારા જ આંતરપ્રેરણાથી અચૂક જ્ઞાન પ્રાપ્ત થાય જ છે.

૩ ધ્યાન કરતાં કર્મનાં ફળ પ્રભુને અર્પણ કરીને ફક્ત કર્તવ્યબુદ્ધિથી કર્મો કરવાં શ્રેષ્ઠ છે, કારણ તેથી સમતા, નિષ્કામતા અને મુક્તિનો અનુભવ થાય છે જે યોગના પાયા સ્વરૂપ છે. સમતા 'નિર્મમો' શબ્દથી નિષ્કામના અને મુક્તિ 'નિરંહકારો (૨.૭૧) શબ્દથી દર્શાવેલ છે.

આવી વ્યક્તિ 'સર્વારંભપરિત્યાગી' બની જાય છે.

૪ તે પછી સમગ્ર લોકો પ્રત્યે પ્રેમ કરતો થાય છે. 'સુહૃદં સર્વભૂતાનામ્' બને છે (૫.૨૯).

૫ અંતે તે પુરુષોત્તમ ચેતનાને ધારણ કરે છે તે 'સર્વલોકમશ્વરમ્' (૫.૨૯) બની જાય છે. આવો ભક્તિમાન શ્રીકૃષ્ણને પ્રિય બને છે. (ભક્તિમાન મે પ્રિયઃ (૧૨.૧૯) અને જ્યારે તે ભક્તિપૂર્ણતા પ્રાપ્ત કરી પુરુષોત્તમ - ચેતના ધારણ કરે છે ત્યારે તે ભક્ત અતીવપ્રિયઃ (૧૨.૨૦) બની જાય છે.

આવી રીતે ગીતાની ભાષામાં સ્વધર્મ એટલે કર્મકાંડ નથી પણ અંતરમાંથી પ્રગટ થતું સત્ય છે તે સત્ય જ તેનો આત્મભાવ છે જે તેને ઘડે છે, તેથી તે 'સ્વભાવ નિયતં કર્મ' બની જાય છે.

તેથી કર્મની પ્રેરણા તરીકે ઉપજતાં બાકીના બધા જ મનોધર્મોને છોડી દેવા (સર્વ ધર્માન્ પરિત્યજ્ય - ૧૮.૨૬) અને કર્મની પ્રેરણા પરમ - ચેતનામાંથી મળતી રહે એવી ગોઠવણ કરવી જરૂરી છે.

આવી વ્યક્તિ જ અનંત જ્ઞાનનો અધિકારી બને છે. તેની એકરૂપતા, સ્વરૂપ, ભક્તિ શ્રેષ્ઠ કક્ષાએ પહોંચે છે અને તેનાં કર્મો પ્રભુ પ્રેરણાથી થતાં હોવાથી તે દિવ્ય કર્મો બની જાય છે.

આ જ ગીતાનો માર્ગ છે.

# માનવવિકાસ ચક્ર

- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **શ્રી કે.કે.ખખ્ખર**

**(લેખ ક્રમાંક - ૯)**

## સામાજિક વિકાસનો આદર્શ - ૨

આગળ જોયું તેમ આધ્યાત્મિક સમાજની રચનાને શ્રી અરવિન્દ સામાજિક વિકાસના આદર્શ તરીકે જુએ છે. સમાજનું પાયાનું એકમ વ્યક્તિ છે. આધ્યાત્મિક સમાજમાં વ્યક્તિ અને સમાજનાં ધ્યેયો અસમાન હોઈ શકે નહીં. આથી, વ્યક્તિનું ધ્યેય પણ આત્મતત્ત્વ કે પ્રભુની પ્રાપ્તિનું છે તે સ્વયં - સ્પષ્ટ છે. તમામ વ્યક્તિઓના પ્રભુ - પ્રાપ્તિના ધ્યેયને મદદરૂપ બની રહેવું એ આધ્યાત્મિક સમાજનું કાર્ય છે. આ કાર્ય કોઈ પદધારી વ્યક્તિ, કોઈ એક વર્ગ કે જાતિના લોકોનું નથી. આધ્યાત્મિક સમાજની રચનામાં સમાજના તમામ વર્ગ, જૂથ કે જાતિના લોકો પ્રવૃત્ત હશે તેમ શ્રી અરવિન્દ જણાવે છે.

શ્રી અરવિન્દે માનવજીવનના વિકાસ માટેનાં બે મહત્ત્વનાં તત્ત્વોની વિગતે ચર્ચા કરી છે. આ તત્ત્વો છે, વિવિધતા અને એકતા. આ બન્ને તત્ત્વો સ્વતંત્રતા અને સંવાદિતારૂપે પ્રગટ થાય છે. શ્રી અરવિન્દ જણાવે છે કે સ્વતંત્રતા એટલે સૌની સ્વતંત્રતા. વ્યક્તિ, જૂથ તથા સમગ્ર જાતિઓની સ્વતંત્રતા. સંવાદિતા માટે તમામ જૂથ, વર્ગ કે જાતિઓની વ્યક્તિઓના પ્રયાસો જરૂરી છે. શ્રી અરવિન્દ ભારપૂર્વક કહે છે કે માનવજાતિ સ્વતંત્રતા, અને સંવાદિતાની શરતો પૂર્ણ કરે તો જ પ્રગતિ કરી શકે. આ વિકટ કાર્ય છે તેમ શ્રી અરવિન્દ સ્વીકારે છે. માનવબુદ્ધિને આ કાર્ય ભાગ્યે જ પૂરું સમજાયું છે. વળી, આ માટેના પ્રયત્નો પણ કઢંગા અને યંત્રવત્ રહ્યા હોવાનું શ્રી અરવિન્દ માને છે. આથી જ સ્વતંત્રતા અને સંવાદિતાની વૃદ્ધિ માટેના પ્રયત્નોનાં સંતોષકારક પરિણામો મળ્યાં નથી. આ માટે પ્રત્યેક વ્યક્તિએ પોતાના વિષેના જ્ઞાનમાં વધારો કરવાનો છે અને પોતાના પર પ્રભુત્ત્વ મેળવવાનું છે. વ્યક્તિએ પ્રથમ પોતાની જાતની અંદર અને ત્યારબાદ તેના જેવા અન્ય માનવબંધુઓ સાથે એકતા સાધવાની છે. આ ધ્યેયની સિદ્ધિ માટે જરૂરી પરિસ્થિતિનું નિર્માણ પણ આપણે જ કરવાનું છે તેમ શ્રી અરવિન્દ ઉમેરે છે.

શ્રી અરવિન્દ આધ્યાત્મિક સમાજના નિર્માણ માટે ખૂબ આશાવાદી છે. આ માટેનાં કારણો સમજાવતા તેઓ કહે છે કે આ અંગેની તમામ શક્યતાઓનો સમાવેશ વ્યક્તિની

અંદર થયેલો છે. જો આ વસ્તુ સમજાશે તો જ વ્યક્તિની અંદર રહેલી દિવ્ય વાસ્તવિકતાને જોઈ શકાશે. મનુષ્યે પોતાની અંદર રહેલી ગૂઢ શક્યતાઓને શોધી કાઢવાની છે અને તેને વિકસાવવાની છે તથા તેની બહાર પ્રગટ કરવાની છે. આ કાર્ય ખુદ વ્યક્તિ જ કરી શકશે, અન્ય કોઈ નહીં; તેમ શ્રી અરવિન્દ ભારપૂર્વક જણાવે છે. શ્રી અરવિન્દ ખૂબ વિસ્તારથી સમજાવે છે કે વ્યક્તિની અંદર રહેલી દિવ્યતાને બહાર લાવવાનું કાર્ય કોઈ ઉપદેશક, ધર્મ-સંસ્થા, ધર્મ-પ્રવર્તક, કોઈ સુધારક, સંપ્રદાય, પંથ, કોઈ રાષ્ટ્ર અને તેની કાનૂનની વ્યવસ્થા, નૈતિક અને સામાજિક વ્યવસ્થા, તંત્ર કે ધર્મસ્થાનો નહીં કરી શકે. તેઓ ક્યારેય એમ નહીં કહી શકે કે વ્યક્તિની આધ્યાત્મિક પ્રગતિ માત્ર આ રીતે જ થઈ શકશે, અન્ય કોઈ રીતે નહીં. ધર્મ, નીતિ, આદર્શ, ઈત્યાદિ બાબતો મનુષ્યને થોડો સમય મદદ કરી શકે, પરંતુ વ્યક્તિએ આ બાબતોને સાધન તરીકે ગણવાની છે. તેનો ઉપયોગ પૂરો થતા તેને બાજૂએ મૂકીને વ્યક્તિએ આગળ ચાલવાનું છે, તેવી સલાહ શ્રી અરવિન્દ આપે છે. છેવટે તો વ્યક્તિએ આવી તમામ બાબતોથી સ્વતંત્ર થવાનું છે. તેનું વ્યક્તિત્ત્વ એક દિવ્ય સ્વરૂપનું સ્વાતંત્ર્ય ધરાવે છે. માણસ જેટલા પ્રમાણમાં આ સ્વાતંત્ર્યને સિદ્ધ કરી શકશે તેટલા પ્રમાણમાં જ તેનો આધ્યાત્મિક વિકાસ સાધી શકશે તેમ શ્રી અરવિન્દ દર્શાવી આપે છે.

શ્રી અરવિન્દ આપણું ધ્યાન એ મુખ્ય મુદ્દા તરફ દોરે છે કે વ્યક્તિ જેટલા પ્રમાણમાં મુક્ત અને વિશાળ રીતે પોતાનું ખરું સ્વરૂપ મેળવી શકશે તેટલા જ પ્રમાણમાં પોતાના જીવનને અને બાકીના જગતને મદદ કરી શકશે. આ યાત્રામાં મનુષ્યને જે કંઈ મદદ મળે તે માત્ર સાધનો છે. તેણે આ સાધનો, નિયમો, પદ્ધતિઓ કે આદર્શો, ઈત્યાદિને તેના આત્મા પર સવાર થવા દેવાના નથી. વ્યક્તિએ તેની મદદ લેવાની છે પરંતુ ગુલામ થવાનું નથી.

શ્રી અરવિન્દ વ્યક્તિની આધ્યાત્મિક યાત્રાનો માર્ગ ચીંધતા એમ પણ ઉમેરે છે કે વ્યક્તિએ તેના માર્ગમાં આવતી તમામ વ્યક્તિઓની મદદ લેવાની છે. તેમના જીવન અને વિચારોને જોઈ-તપાસીને ઉપયોગમાં લેવાના છે. તેણે માનવજાતિના ભૂતકાળના અનુભવોનો પણ પૂરો લાભ લેવાનો છે. વ્યક્તિએ પોતાની જાતને કોઈ સંકુચિત મનોદશામાં પૂરી રાખવાની નથી. વિકાસ માટે મથી રહેલું માનવમન સ્વતંત્રતાની માંગણી માત્ર પોતાના અહંકારને પોષવા માટે કરે છે તેમ માની લેવાનું નથી. સ્વાતંત્ર્યની ઝંખના માનવ-મનની અંદર રહેલી એક દિવ્ય, સ્વયંભૂ વૃત્તિ છે. પોતાના 'સ્વ'ના આવિર્ભાવ માટે અવકાશ માગવાનો માનવ-આત્માને અધિકાર છે. શ્રી અરવિન્દ સ્પષ્ટ કરી બતાવે છે કે સ્વના આવિર્ભાવ માટે વ્યક્તિનું સ્વાતત્ર્ય સૌથી મહત્ત્વની આવશ્યકતા છે અને તેની પરિપૂર્ણતા આધ્યાત્મિક સમાજની રચના માટે અનિવાર્ય છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Savitri - B-1, C-3, P-33

## સનાતન - જીવનની સ્થાપના

પ્રકરણ - ૮૭

અશ્વપતિ અવિચળ ચેતના બાબત સભાન બન્યો. પોતાની ચેતનાની સૌમ્ય પ્રકાશિત અસીમતાને પોતે જ માણી રહ્યો હતો. વિચારોનો પ્રવાહ ઘટતાં ઘટતાં બંધ પડી ગયો હતો. વિચારોનો ઘોંઘાટ બંધ થતાં જ મન નિરવ બની ગયું હતું. કોઈ શબ્દ મનમાં પ્રસ્ફૂટીત થતો નહોતો. ચેતના જાણે સ્તબ્ધ, નિસ્પંદ, નિરવ બની ગઈ હતી !

આનું કારણ એ હતું કે સતત વિચાર નિર્માણ કરતું મન વિસ્તરીને અસીમ ચેતના સ્વરૂપ બની ગયું હતું. સંકુચિત મનમાં ન વિચારવાયુ ઘૂઘવતો હોય છે. નિરવ અસીમ મનમાં તે જાણે ઓગળી જાય છે અને તેથી મન શાંત સ્થિર બની ગયું હતું. શ્રી અરવિન્દ જણાવે છે કે

Thought lay down in a mighty voicelessness;
The toiling thinker widened and grew still.

આ અવકાશને ભરી દેવા જાણે ઊર્ધ્વમાંથી પેલીપારનું દિવ્યજ્ઞાન ધસીને નીચે અવતરણ પામવા લાગ્યું, તેથી શાંત હૃદયમાં અત્યાનંદનાં રોમાંચ જાગવા માંડ્યાં. અશ્વપતિના ચૈત્યપુરુષે જાણે ઉદ્દાત્ત અને ભવ્ય વિચારોનો પ્રદેશ ત્યાગીને ઉપરની દિશામાં ઝંપલાવ્યું. આ વખતે ચૈત્યપુરુષને જે અસીમ ચેતનાનો સ્પર્શ થયો તેને ચૈત્યપુરુષે મનથી સમજવાનો પ્રયત્ન છોડી દીધો. ફક્ત તાદાત્મ્યભાવ સ્વરૂપ પ્રજ્ઞા અને મેધાથી માણી રહ્યો. જેમ ભ્રમર પુષ્પનું મધ ચાખતાં જ પોતાનો ગુંજારવ ભૂલી જાય છે તેમ ચૈત્યપુરુષના મને વિચારોનો ગુંજારવ છોડી દીધો હતો. અભિભૂત અવસ્થામાં તે જાણે સમાધિસ્થ થઈ ગયું હતું. શ્રી અરવિન્દ લખે છે કે,

Wisdom transcendent touched his quivering heart:
His soul could sail beyond thought's luminous bar;
Mind screened no more the shoreless infinite.

શ્રી અરવિન્દ 'screened' શબ્દ વાપરીને મનની વિશ્લેષણ કરવાની, વર્ગીકરણ કરવાની, સમન્વય કરવાની, તુલના કરવાની વિવિધ પ્રવૃત્તિઓને એ શબ્દ દ્વારા સૂચવે છે.

સાધકમાં પોતાની અનુભૂતિને મન દ્વારા સમજવાનો પ્રયત્ન કરવાની ટેવ હોય છે પણ તે સાધનામાં બાધારૂપ હોય છે, એમ માતાજીએ પોતાના પ્રાર્થના અને ધ્યાન પુસ્તકમાં તા.૭.૪.૧૪ની પ્રાર્થનાનાં અંતમાં જણાવેલ છે. એ પ્રાર્થનામાં માતાજીને પ્રભુનો અવાજ સંભળાએલો અને તેણે કહ્યું હતું ''તું કદી સર્વાંશે મરી શકી નથી. હંમેશા તારામાંની કોઈ વસ્તુએ જાણવા, જોવા અને સમજવાની કામના રાખી છે. પૂર્ણપણે સમર્પણ કરી દે. કેવી રીતે અલોપ થઈ જવું એ શીખ. મને અને તને વિભક્ત રાખનાર છેલ્લો બંધ તોડી નાખ.''

અશ્વપતિએ તે તોડી નાખ્યો હતો અને અશ્વપતિની ચેતના તે અસીમ ચેતના પ્રદેશમાં ઉપર ચડવા લાગી. અવકાશનો ઘણો પ્રદેશ પાછળ સરતો અદૃશ્ય થઈ રહ્યો હતો. તેને પોતાના શુદ્ધ અને દિવ્ય-વિચારોની લબકઝબક પણ હવે નીચે ખૂબ જ નીચે અદૃશ્ય થતાં તારા જેવી જણાઈ રહી હતી. ધીમે ધીમે તે મનનો પ્રકાશ ખૂબ નીચે અદૃશ્ય થતો લાગ્યો. અશ્વપતિની ચેતનામાં પરા-ચેતનાનાં, અતિમનસ ચેતનાના પ્રદેશનો સ્પર્શ જણાવા માંડ્યો. ત્યાં અગાધ શાંતિ હતી. અવિચળ શાંતિનું મજબૂત સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું. મન મૂક બની ગયું. આંતરિક મૌનમાં સરી પડ્યું હતું. તેણે નિષ્કર્ષ કાઢવાનું માંડી વાળ્યું હતું. વાચા વિશ્રામ પામી હતી અને અત્યાર સુધી અજ્ઞાત એવું તત્ત્વ સામે સર્વતઃ પથરાએલું પડ્યું હતું. અશ્વપતિને લાગ્યું કે કોઈ માનવ-સાધકનાં પગલાંઓએ અહીં પગદંડી ચાતરી નથી. તે એક જ અનામી તત્ત્વ ત્યાં વિલસી રહ્યું હતું. શ્રી અરવિન્દ લખે છે કે

Across a void retreating sky he glympsed
Through a last glimmer and drift of vanishing stars
The superconscient realms of motionless peace
Where judgement ceases and the word is mute
And the Unconceived lies pathless and alone.

અશ્વપતિ નિરાકાર - ચેતનાનાં પ્રદેશમાં પ્રવેશી રહ્યો હતો. આને જ ગીતા અક્ષરપુરુષ કહે છે. તેમાં કોઈ ક્રિયા હોતી નથી. આ અચલ-બ્રહ્મની ચેતના હોય છે. ત્યાં કોઈ આકાર નહોતો, શબ્દ પણ નહોતો અર્થાત્ આકાર રચવાની પ્રક્રિયા પણ શરૂ થઈ નહોતી. શબ્દ નાદ અને આંદોલન સૂચવે છે. આંદોલન તરંગ રચે છે. તરંગ એ સાકારતાની શરૂઆત હોય છે, તેથી અહીં સાકાર થવાની શરૂઆત પણ થઈ નહોતી. શબ્દમાંથી જગત રચાયું એમ બાયબલ અને વેદો બન્ને કહે છે. તે અવસ્થાને વેદો શબ્દબ્રહ્મ કહે છે. તેને પણ પાછળ મૂકી દેવાની છે (શબ્દબ્રહ્માતિવર્તતે) પરમ-ચેતનાનું નાદસ્વરૂપ સ્તર એ જ નાદબ્રહ્મ કે શબ્દબ્રહ્મ છે. અશ્વપતિ તેને વટાવીને અચલબ્રહ્મમાં

પ્રવેશી ચુક્યો હતો. ત્યાં ફક્ત મૌન હતું અને પૂર્ણતાની સંવેદના સિવાય બીજું કાંઈ નહોતું. આ શાંતિ અને પૂર્ણતા પરા-ચેતનાની હતી, તેથી શ્રી અરવિન્દ તેમનાં આદ્યાક્ષર કેપિટલ કરે છે. શ્રી અરવિન્દ લખે છે કે

There came not form or any mounting voice;

શ્રી અરવિન્દ 'Voiceને Mounting' કહે છે. તેની પાછળ એક રહસ્ય છે. ચેતનાએ પોતાને ઘનીભૂત કરીને ભૌતિક તત્ત્વ થવાની જે પ્રક્રિયા શરૂ કરેલ તેનું રહસ્ય આ શબ્દમાં છુપાએલું છે. અચલબ્રહ્મમાં પ્રથમ બ્રહ્માંડ રચવાનો સંકલ્પ સ્ફૂરે છે. તે સંકલ્પમાંથી સૂક્ષ્મ મંદ નાદ જન્મે છે. નાદમાંથી આંદોલનો અને આ આંદોલનો જેમ જેમ વધારે ને વધારે ટૂંકા અને જલદ, તીવ્ર બનતાં જાય છે તેમતેમ ચેતના ચૈતસિક, મનોમય, પ્રાણમય, સૂક્ષ્મપાર્થિવ અર્થાત્ ભૌતિક શક્તિ સ્વરૂપ અને અંતે જડ ભૌતિક તત્ત્વ બની જાય છે. આ સમગ્ર પ્રક્રિયા ચેતનાની વધતી જતી આંદોલન પ્રક્રિયાથી સધાય છે. આ રહસ્ય શ્રી અરવિન્દ 'mounting' શબ્દથી સૂચવે છે. જગતને આ માટે જ 'નાદાત્મક' કહે છે. વ્યવહારમાં પ્રભુએ જગત સર્જ્યું એમ કહીએ છીએ, પણ પ્રભુ તો પોતાની ચેતનાના વિસ્તારમાં નાદનિર્માણ કરીને પોતે જ જગત સ્વરૂપ બની ગયાં છે આ સત્ય છે.

આવા નાદાતીત શાંતબ્રહ્મમાં અશ્વપતિની ચેતના પહોંચી ગઈ હતી, પણ ત્યાંથી તે આગળ જઈ શકી નહિં. આગળનો ચેતના પ્રદેશ જાણવાની નિયતિ સાવિત્રીની હતી, અશ્વપતિની નહોતી. તેને અક્ષરબ્રહ્મની ચેતનાથી પાછા ફરવું પડ્યું છે, પણ આ ચેતનામાં ડૂબેલું અશ્વપતિનું મન રૂપાંતર પામ્યું, તે દિવ્યમન બની ગયું. ઋતંભરા પ્રજ્ઞા જાગૃત થઈ અને તેને કારણે અશ્વપતિમાં હવે નવી ક્ષમતા પ્રગટી. જે સત્ય તે ભાષામાં બરાબર અને સ્પષ્ટ રીતે વ્યક્ત કરી શકતો નહોતો, તે સત્યોને હવે તે લોકોને જણાવવા યોગ્ય-શબ્દો દ્વારા તેમની પાસે પહોંચાડી શકવા સમર્થ બની ગયો અને તે સત્યોને સાકારસ્વરૂપે, શબ્દસ્વરૂપે કેવી રીતે પ્રગટ કરવા તેની કળા તેને અવગત થઈ. તે શબ્દોમાં એવું સામર્થ્ય પ્રગટ્યું કે તે શબ્દો સાંભળનાર કે વાંચનાર તે શબ્દોમાં રહેલ સત્યનો સ્પર્શ મૂક રીતે, શબ્દ વગર પણ અનુભવી શકતો હતો. શ્રદ્ધાયુક્ત બની જતો હતો. ચેતનાનો ઉઘાડ અનુભવી શકતો હતો. તે શબ્દો પાછળનાં સત્યને તે પોતાની ચેતનામાં જ જોઈ અનુભવી ઓળખી શકતો હતો. શ્રી અરવિન્દ તેને seeing thought કહે છે અને તેવા સમર્થ શબ્દને 'Self - revealing - voice' કહે છે.

There only were Silence and the Absolute.
Out of that stillness mind new-born arose
And work to truths once inexpressible,
And form appeared, dumbly significant,

A seeing thought a self revealing voice

અશ્વપતિને પોતે જ્યાં જઈ શક્યો નથી તે પ્રદેશમાં જ પોતાનો ઉદ્ભવ થયો છે એની ખાતરી થઈ. ત્યાંથી તે તે જ તત્ત્વને પ્રગટ કરવા નીચે ધરતી ઉપર જન્મ્યો છે એનું તેને દર્શન થયું. તેના પ્રયત્નોને હવે ઊર્ધ્વમાંની અસીમ અચલતાનું જાણે અનુમોદન મળ્યું અને બન્ને જોડાઈ ગયા. તેની સાથે અનુસંધાન જાળવી જીવવાની કળા અશ્વપતિને પ્રાપ્ત થઈ. અશ્વપતિએ પોતાની ચેતનાનાં અંતસ્થ ટોચને સતત તે અચલ અસીમ ચેતનામાં સ્થાપી દીધી અને ત્યાંથી પ્રેરણા મેળવી કાર્ય કરવાનું ધોરણ રાખ્યું. પોતાના જીવનને તેણે આ અચલ અસીમ ચેતનાનું અધિષ્ઠાન બનાવ્યું. તે સનાતન - જીવનમાં સહભાગી થયો.

સનાતન - જીવને જાણે પૃથ્વી ઉપર પોતાનો પદન્યાસ કર્યો, પણ આ સ્થાપના હજી વ્યક્તિગત કક્ષાની હતી. વૈશ્વિક કક્ષાએ તે સ્વપ્ન હજી સાકાર થયું નહોતું. વૈશ્વિક - ઉત્ક્રાંતિનો તે સ્વભાવ બની ગયું નહોતું. તે સિદ્ધિ હજી અપ્રાપ્ત જ હતી.

He knew the source from which his spirit came:
Movement was married to the immobile Vast;
He plunged his roots into the Infinite,
He based his life upon Eternity.

---

(પૃ.૨૪ ઉપરથી)

## યોગ વિષે પત્રો

સીધેસીધાં દર્શન થવા માંડે છે.

પણ અંતઃપ્રજ્ઞા અને અતિમનસ એક જ નથી. અંતઃપ્રજ્ઞાને દરેક વસ્તુનું સત્ય અલગ અલગ લાગે છે અને અન્ય વસ્તુના સત્ય સાથે તેનો સંબંધ હજી પ્રગટ થએલો હોતો નથી; જ્યારે અતિમનસમાં સમગ્રતાનું અને આંતરિક સંબંધોનું જ્ઞાન પ્રથમથી જ હોય છે અને પછી તે દરેક વસ્તુને તે સમગ્રતાના એક અંશ તરીકે સમજે છે.

મનોમય અંતઃપ્રજ્ઞામાં વ્યક્તિગત માનસિક સત્યપ્રાપ્તિ થાય છે, પણ સમગ્રતા હજી જણાતી નથી. અધિમનસમાં સમગ્રતાનો એક પાર્શ્વભૂમિ તરીકે જ ખ્યાલ આવે છે પણ વિવિધતા વધારે સાચી લાગે છે. અંતઃપ્રેરણા તો બધાં જ સ્તરે કામ કરતી હોય છે તે મનોમય, પ્રાણમય, સૂક્ષ્મપાર્થિવ સ્તરે પણ જોવા મળે છે.

વિજ્ઞાનીઓ અંતઃપ્રજ્ઞાને એક ઝડપી તર્કશક્તિ ગણે છે. તૈતરીય ઉપનિષદમાં વિજ્ઞાન એટલે ઋતમ્નું જ્ઞાન એવો જ સ્પષ્ટ અર્થ આપેલ છે. સમગ્રતા જે પાર્શ્વભૂમિમાં હજી રહેલી હોય છે તે જ 'ઋતમ્' છે, બીજસ્વરૂપે રહેલી છે, તેથી બુદ્ધિ એટલે જ અંતઃપ્રજ્ઞા એ વિધાન ખોટું છે.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૮

### અવતરણો

(ભાગ૧, પૃ. ૨૮૬-૨૯૫)

## અધિમનસનું અસ્તિત્ત્વ

૧ અતિમનસ એટલે દિવ્ય-પ્રકૃતિની પૂર્ણ ઋત-ચેતના જેમાં વિભાજન અને અવિદ્યાના તત્ત્વો માટે કોઈ જગ્યા હોઈ શકે નહિ. પૃ.૨૮૬

૨ અધિમનસમાં સત્યનાં પાસાંઓનું વિભાજન શરૂ થઈ જાય છે, શક્તિઓનાં અને તેમનાં કાર્યોનાં ભેદ પડે છે. જાણે કે તેઓ સ્વતંત્ર સત્યો હોય. પૃ૨૮૭

૩ અધિમનસમાં અવિદ્યાનું સાચું પતન હોતું નથી. પરંતુ તેમાં એવું પ્રથમ પગલું ભરાય છે જે અનિવાર્ય રીતે પતન કરે છે. પૃ.૨૮૭

૪ અતિમનસ... પોતાની શક્તિઓનો આવિર્ભાવ કઈ રીતે કરવો તે નક્કી કરે છે અને તેની યોજના ઘડે છે. અધિમનસ આ બધાં સત્યો અને શક્તિઓ ઝીલે છે અને દરેક કાર્યને એક સ્વતંત્ર બળ તરીકે કાર્ય કરતી મૂકે છે. પૃ.૨૮૭

૫ પ્રકાશની શક્તિઓ અને અંધકારની શક્તિઓ વચ્ચેનો સંઘર્ષ અહીં સત્ય છે..... ઊર્ધ્વમાં આરોહણ કરીએ તેમ તેમ તે સત્ય ઓછું.... થતું જાય છે.

૬ અધિમનસ..... આ રીતે સત્, ચિત્ અને આનંદને જુદાં જુદાં પાડે છે. પૃ.૨૮૯

૭ અધિમનસની શક્તિ દ્વારા..... સાધકની અંદર વિશ્વરૂપ ચેતના ખુલ્લી થાય છે. પૃ.૨૯૦

૮ અધિમનસ..... નીચેની ભૂમિકાઓમાં અતિમનસ પ્રકાશનાં કાંઈક અંશને સંક્રાંત કરી શકે છે. પૃ.૨૯૦-૨૯૧

૯ અતિમનસ અવતરણ..... તે પહેલાં અધિમનસમાં પહોંચીને તેને નીચે અવતરણ કરાવવું પડે છે. પૃ૨૯૧

૧૦ વસ્તુઓના સર્જક સત્યની ભિન્ન ભિન્ન અવસ્થાઓ અધિમનસ ભૂમિકામાંથી ઉત્પન્ન થાય છે..... સહજ પ્રજ્ઞાની ભૂમિકામાં..... આલોકિત અને ઊર્ધ્વ - મનસમાં જઈને રહે છે. પૃ.૨૯૧

૧૧ અધિમનસનાં સૌથી ઉચ્ચત્તર સ્તર એ અધિમાનસિક - વિજ્ઞાન છે. પૃ.૨૯૨

૧૨ મન અધિમનસનાં પ્રકાશથી છલોછલ બની જાય..... ત્યારે તેને.. અનુભૂતિ થાય છે જાણે દિવ્ય-સત્યમાં જીવન ધારણ કરતું હોય.

૧૩ અંતઃપ્રજ્ઞા આલોકિત મનથી ઉપર રહેલી છે, જેમાં સાક્ષાત્કારની પૂર્ણ શક્યતા તરફનું ઉદ્‌ઘાટન થએલું હોય છે.

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

અતિમનસ એ દિવ્યપ્રકૃતિ દ્વારા પ્રગટ થતી આધ્યાત્મિક ચેતના છે. તેમાં બધું જ પોતાના આત્માની અભિવ્યક્તિ સ્વરૂપ લાગતું હોવાથી જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન અને જીવ, જગત અને પ્રભુ વચ્ચેનો ભેદ નષ્ટ થએલો હોય છે અથવા પાર્શ્વભૂમિમાં જતો રહેલો હોય છે. એકતા જ અગ્રભાગે અનુભવાય છે તેને ઋત - ચેતના કહે છે. કારણ - જગતમાં પ્રગટ થનારા બધાં જ સત્યોનાં બીજસ્વરૂપ સંકલ્પો (ઋતમ્) આ ચેતનાએ ધારણ કરી રાખેલાં હોય છે.

તેથી અતિમનસના જ્ઞાનને વિજ્ઞાન અથવા વિમળજ્ઞાન કહે છે. તેને ''કૈવલ્યજ્ઞાન'' પણ કહે છે. કારણ ત્યાં 'કેવળ' આત્માની જ લીલા અનુભવાય છે જે અભેદ અને અખંડ છે.

અતિમનસ પોતે સત્ય વાસ્તવિકતા છે, તેમાં પોતાને પ્રગટ કરવાની શક્તિસ્વરૂપ આવિર્ભાવ શક્તિ છે. અર્થાત્ તે શક્તિસ્વરૂપ પણ છે તેમ જ તેમાં આયોજન પણ કરી શકે છે અર્થાત્ તે જ્ઞાનશક્તિ પણ છે.

અધિમનસ સુધી ભેદભાવ હોવાથી ત્યાં સુધી અજ્ઞાનનો પ્રદેશ ગણાય છે અર્થાત્ અચિત્‌નો પ્રભાવ ત્યાં સુધી પહોંચે છે ત્યાં દેવો પોતાને એકબીજાથી અલગ ગણે છે. સંવાદમાં કાર્ય કરતા હોવા છતાં વિશેષતાને જ વધારે મહત્ત્વ અપાય છે.

અતિમનસમાં ભેદ ન હોવાથી ત્યાં સંઘર્ષ કે અથડામણ નથી તેથી ત્યાં પરાજય જેવું પણ નથી. તે અજેય - શક્તિ છે તેથી નીચેનાં બધાં જ ચેતનાનાં સ્તરો ઉપર અજેય - શક્તિ તરીકે જ કાર્ય કરે છે. પણ તે સમન્વય-માર્ગે કામ આગળ ધપાવે છે. નિમ્ન ચેતનાના સત્યને ઊર્ધ્વ - સત્યો સાથે સુસંવાદમાં ગોઠવીને આગળ વધે છે. શક્ય એટલી રચનાત્મક ભૂમિકા જ લે છે. વિકાસ માટે જરૂરી સમય અને સંજોગો આપે છે અને જો તેનો યોગ્ય ઉપયોગ ચેતના ન કરે, તેમનાં પ્રત્યે જાગૃત ન થાય તો જ દબાણ લાવી તેને તે માર્ગે ધકેલે છે. દરેક સ્તરના સત્યને તે આ રીતે સમન્વય કરતાં કરતાં, વધારે વિશાળ સત્યમાં જાગૃત કરતાં કરતાં જ તેને ઉત્ક્રાંત કરે છે. અધિમનસમાં વૈયક્તિક પરમાત્માનો અને અવૈયક્તિક પરમાત્માનો ભેદ રહે છે. તેને પણ સમન્વયાત્મક રીતે વટાવી જાય છે. અધિમનસનાં પ્રદેશો દ્વારા જ અતિમનસમાં પ્રવેશ મળે છે.

ઉપર જણાવેલ વૈયક્તિક પરમાત્મા એટલે અવતાર નહિં પણ મૂળ સત્યનાં વિવિધ પાસાંઓને પણ અલગ અને સ્વતંત્ર ગણવાં એને વૈયક્તિક પરમાત્મા કહેવાય છે. દા.ત. સત્ - ચિત્ - આનંદ ત્રણે ખરેખર અવિભક્ત જ છે પણ તેમને ત્રણ અલગ પાસાં તરીકે અધિમનસની કક્ષાએ અનુભવાય છે. અધિમનસમાં દેવતા પોતાના સ્વરૂપને ચિત્ - સ્વરૂપ ગણે છે, પોતાના જગતને પોતાથી અલગ સત્ - સ્વરૂપ ગણે છે અને તે

જગતનો આનંદ ભોગવવાની પ્રક્રિયા આનંદને પોતાથી અને જગતથી અલગ ગણે છે; તેથી જ દેવોને પણ સંઘર્ષમાં ઉતરતા વર્ણવાય છે.

વળી વૈયક્તિક અને અવૈયક્તિક બન્નેમાંથી એક જ સત્ય છે, એવા વિચારો પણ ખોટા જ છે. તે પણ અધિમનસ કક્ષાનાં જ ભેદો છે. ખરેખર વૈયક્તિક અને અવૈયક્તિક એ તો અભિવ્યક્તનાં ભેદો છે, ન કે પરમાત્માના પોતાનાં. બન્ને એકરૂપ જ છે.

મનની ભાષાથી અથવા આધ્યાત્મિક મનની ભાષાથી પણ અતિમનસનું વર્ણન કરવું મુશ્કેલ છે. મન અંતસ્ફૂરણાત્મક બની ગયાં પછી જ અધિમનસની ભૂમિકા ઉપર પહોંચે છે અને તેની પેલેપાર અતિમનસ છે. અધિમનસ જ્યારે પોતાની અંદર રહેલી ભેદ-રેખાઓ (જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન અને વ્યક્તિ, જગત, પ્રભુ) નષ્ટ કરીને એકરૂપતામાં ઊર્ધ્વારોહણ કરીને પ્રવેશે છે ત્યારે જ અતિમનસમાં પ્રવેશ મળે છે. તેથી પહેલાં વિવિધ દેવોને જે પરમાત્મત્વ સ્વરૂપે સ્વીકારતાં તે વસ્તુ ભૂલભરેલી છે, કારણ તેમાં અધિમનસ અને અતિમનસ વચ્ચેનો ભેદ ધ્યાન બહાર રહેતો હતો, પણ દેવોને પરમાત્માનું એક આવિર્ભાવ સ્વરૂપ સમજવું એ સાચો ખ્યાલ છે.

અધિમનસના સાક્ષાત્કારને કારણે મન વિશાળ બને છે, વૈશ્વિક - ચેતના પ્રત્યે તે ખુલ્લું થાય છે, વૈશ્વિક બળોનું પોતામાં થતું કાર્ય તે સમજી શકે છે. અધિમનસનાં આંદોલનો પણ અન્ય કક્ષાનાં આંદોલનોની જેમ પોતાની વિશેષતા રાખે છે પણ તે સમજવા માટે તેમ જ તેમની શુદ્ધતા ટકાવવા માટે નીચેની શરતો પૂરી કરવી જરૂરી છે.

૧ નિમ્ન ચેતના સ્વચ્છ, શાંત અને પ્રકાશમય હોવી જરૂરી છે.

૨ વૈશ્વિક આયોજનનું જ્ઞાન તે આંદોલનોનું કાર્ય સમજવા જરૂર હોય છે.

૩ તેણે દૃઢ સંકલ્પ બળ અને સર્જન - શક્તિ ધારણ કરેલાં હોવાં જોઈએ.

ઉપરની શરતોમાં કચાશ રહેશે તો નીચેના સ્તરોમાંથી અધિમનસનું આંદોલન પસાર થતાં જે તે કક્ષાની અશુદ્ધિઓને પણ સાથે લઈ આવશે અને તેથી તે વિકૃત બની જાય છે, નબળું પડી જાય છે.

અધિમનસનાં આંદોલનો અતિમનસના પ્રભાવને કાંઈક અંશે નીચે અવતરણ કરાવી શકે છે, પણ તેમાં પણ ઘટ તો અનુભવાય જ છે અને તે પ્રભાવી રીતે કાર્ય કરતું નથી. કારણ અતિમનસનું કાર્ય વ્યક્તિગત પ્રકૃતિનાં ગુણદોષો અને વૈશ્વિકબળોની ક્ષમતા આ બન્નેની સમતુલા મુજબ કાર્ય કરે છે. વિરોધી શક્તિઓ તે કાર્યમાં વધુ ઘટાડો લાવે છે. વળી ભૌતિક પ્રકૃતિની સંમતિનો અભાવ પણ તેમાં બાધા નિર્માણ કરે છે.

તેથી અતિમનસ અવતરણ પહેલાં અધિમનસનું અવતરણ કરાવવું જરૂરી બને છે, જેથી તે અતિમનસના પ્રભાવને ભૌતિક સ્તરેથી સ્વીકારી તેને સંમતિ આપતું રહે.

અધિમનસમાંથી જગતની સર્જન પ્રક્રિયા ચાલતી હોય છે. ત્યાંનાં બળો સહજ પ્રજ્ઞાનાં

ક્ષેત્રમાં અવતરણ પામે છે ત્યાંથી પ્રકાશમય મનમાં અને ત્યાંથી ઊર્ધ્વ મનમાં અવતરણ પામે છે અર્થાત્ આ અવતરણમાં અધિમનસ કક્ષાની ક્ષમતામાં સતત ઘટાડો જ થતો જાય છે. માનવબુદ્ધિમાં તો તે કોઈ અમૂર્ત વિચાર તરીકે પ્રગટ થતું નથી કે પ્રત્યક્ષ દર્શન તરીકે પ્રગટ થતું નથી, પણ એક આંતર-દૃષ્ટિ અથવા નવી - સમજણ તરીકે અનુભવાય છે.

અધિમનસની પણ ત્રણ કક્ષાઓ છે :

૧ મનોમય અધિમનસ - તે મનોમય જગતનું સર્જન કરે છે.

૨ અંતઃસ્ફૂરણાત્મક અધિમનસ ત્યાં અતિમનસની પ્રેરણાઓ અધિમનસની કક્ષાએ આંતરપ્રેરણાઓ તરીકે પ્રગટ થાય છે અને મનોમય - અધિમનસ તે મુજબ સર્જન કરે છે.

૩ અતિમાનસિક અધિમનસ આમાં દેવોનાં વ્યક્તિ - સ્વરૂપોને પરમપ્રભુનાં વિવિધ સ્વરૂપો કે અભિવ્યક્તિઓ તરીકેનું ભાન આવે છે તેને એકતાનું દર્શન થાય છે (એકત્વં અનુપશ્યતઃ - ગીતા)

પણ જ્યાં સુધી સાધક પોતે ઊર્ધ્વમન, પ્રકાશમય મન, અંતઃસ્ફૂરણાત્મક મનનો વ્યક્તિકક્ષાએ અનુભવ ન લે અને ન સમજે ત્યાં સુધી આ અધિમનસની વૈશ્વિક - કક્ષાઓને સમજવું તેને મુશ્કેલ થશે. આર્યમાં 'યોગસમન્વય'ની લેખમાળામાં 'અતિમનસ'નો ઉલ્લેખ નથી કારણ તે વખતે અધિમનસ અને અતિમનસ વચ્ચેનો ભેદ પરખાયો નહોતો, પણ તેમાં જે વર્ણન કરેલ છે તે સાચું જ છે. તેમાં અતિમનસ અવતરણ પામીને અધિમનસનું કાર્ય કેવી રીતે પોતાના હાથમાં લે છે તેનું વર્ણન કરેલ છે. પરમતત્ત્વની દિવ્ય - મનીષા (Guesis) એ જ ઉચ્ચત્તર અતિમનસ છે. તેનું પોતાનું સ્વતંત્ર સ્તર છે અને અસ્તિત્ત્વ છે એ પાછળથી ધ્યાનમાં આવ્યું. અંતિમ પ્રકરણોમાં આ સ્વતંત્રસ્તરો દર્શાવવાનો પ્રયત્ન કરેલ છે પણ તે અધિમનસનાં સ્તર તરીકે જ આવ્યો છે.

આર્યમાંનું વર્ણન મનોમય ભૂમિકા ઉપરની હોવાથી આ ઘટના બની છે. જ્યારે શારીરિક - ચેતનામાંથી સાધક અધિમનસને જોય છે ત્યારે જ તેને અધિમનસની તૃટીઓ દેખાવા માંડે છે અને તે અતિમનસ અને અધિમનસને જુદા ગણવા માંડે છે. અધિમનસ વિભાજન સ્વીકારે છે અને તેથી અજ્ઞાનના પ્રદેશમાં પ્રવેશી જાય છે અને તેથી તે અજ્ઞાનનો નાશ કરી શકતું નથી. અધિમનસનો આડકતરો સ્પર્શ વિશ્વચેતનામાં ઉઘાડ થતાં જ આવવા માંડે છે અને વ્યક્તિનાં બધાં જ તત્ત્વો જ્યારે વિશાળતા પ્રાપ્ત કરે છે ત્યારે તે સીધેસીધો સંપર્ક બની જાય છે.

અંતઃપ્રજ્ઞા (intuition)ના સ્તરથી સાક્ષાત્કારના દ્વાર ખૂલવા માંડે છે. ત્યાંથી જ તે અધિમનસ અને અંતે અતિમનસમાં પ્રવેશે છે. અંતઃપ્રજ્ઞાથી વસ્તુનાં આંતરિક - સત્યના

(પૃ.૨૦ ઉપર)

# ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

અવતરણો
(પૃ.૨૮૦-૨૯૪)

૧ જો આપણે કળાનું..... સર્વદેશીય આત્માભિવ્યક્તિનું દર્શન કરવું હોય તો આપણે તેનું સાહિત્ય જોવું જોઈએ. પૃ. ૨૮૦

૨ સાથેસાથે વાણીની કળાની સર્વોચ્ચ શરતો પાળીને જેટલે અંશે..... કોઈ એક પ્રજાનાં..... યુગનાં..... સંસ્કૃતિનાં આત્મા અને જીવનને.... ઊર્ધ્વ પ્રતિ વાળવાનો..... પ્રયત્ન કરે છે, તે પણ તેનું એક મહત્ત્વનું અંગ છે. પૃ. ૨૮૦

૩ પાલીભાષામાં..... અને દ્રવિડ ભાષાની એમ બારેક નજીકની ભાષાઓનાં સર્જનોને પણ (ભારતીય સાહિત્યમાં) ગણવા રહ્યાં. પૃ. ૨૮૧

૪ ભારતીય કવિતા.... એક આર્યમાનસનું..... સર્જન છે. પૃ. ૨૮૩

૫ વેદ ભારતના પ્રાચીન અંતઃપ્રજ્ઞાત્મક અને પ્રતીકાત્મક માનસનું સર્જન છે. પૃ. ૨૮૫

૬ આ ઋષિઓની નજરે વેદ સત્યનો આવિષ્કાર કરનાર શબ્દ (Word) હતો. ૨૮૬

૭ તે પોતાની આંતરસૂઝ કે કલ્પના પ્રમાણે પ્રતિરૂપોનાં ચિહ્નોને મુક્ત રીતે પસંદ કરીને ઝડપે છે. પૃ. ૨૯૦

૮ જે આધ્યાત્મિક છે, જે અનંત છે, તે નિકટનું છે, વાસ્તવિક છે. દેવો વાસ્તવિક છે અને જે લોકો પર છે તે.... આપણા અસ્તિત્વમાં અંતર્નિહિત છે. પાશ્ચિમાત્ય મનને જે..... કલ્પના છે તે અહીં એક યથાર્થતા છે. પૃ. ૨૯૪

## વૈદિક સાહિત્યની મહત્તા

પ્રકરણ - ૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ચિત્રકળા, સ્થાપત્ય અને શિલ્પકળા સ્થિર હોય છે અને ભાવોનું સૂચન માત્ર કરે છે પણ સાહિત્ય તો તે ભાવોના તાણાવાણા, ઉછાળા અને વિકાસનું સમગ્ર - દર્શન વર્ણન દ્વારા, શબ્દો દ્વારા કરાવી શકે છે. તેથી તેનું ક્ષેત્ર વિશાળ હોય એ સ્વાભાવિક છે. સાહિત્ય દ્વારા સંસ્કૃતિનું વિશાળ દર્શન આપણને પ્રાપ્ત થયું હોય છે. વળી સાહિત્યનિર્માણ પ્રતિભાશાળી વ્યક્તિઓ જ કરતા હોવાથી સંસ્કૃતિનું સાચું હાર્દ પણ આપણને વિશ્વસનીય રીતે જાણવા મળે છે.

સંસ્કૃત સાહિત્યની ઉત્તમ અભિરુચિ તેની સંસ્કારિતા, ભાષાની સમૃદ્ધિ, ભવ્યતા

અને વિશાળતાએ સમગ્ર જગતમાં તેને અનેરું સ્થાન આપ્યું છે. પ્રાચીન ભારતીય ભાષામાં તે પછીનો ક્રમાંક પાલીભાષાનો છે જેમાં બૌદ્ધ ધર્મનું સાહિત્ય ઉપલબ્ધ છે.

યુરોપીય માનસને આ વાંગ્મયમાં જણાતી ભવ્યતા પ્રથમ દર્શને જણાતી નથી કારણ તેમનો જીવન - દૃષ્ટિકોણ જ અલગ પડે છે. તે સિવાય સંસ્કૃત અને પાલીભાષાની જીવંતતા સમજવી પણ તેમને ભાષા અઘરી હોવાથી મુશ્કેલ જાય છે.

ભારતીય સંસ્કૃતિની ભરયુવાનીમાં જીવન વિષે એક અધ્યાત્મિક દર્શન ખૂબ જ સ્પષ્ટ હતું. તે સમજવાની અને અનુભવવાની અન્તઃપ્રજ્ઞા વિકસિત હતી. તે અનુસાર નૈતિક, બૌદ્ધિક, વૈચારિક પ્રભુત્વ હતું અને જીવનમાં પુરુષાર્થ કરી તેમને ઉત્તમ ચારિત્ર્ય દ્વારા વાસ્તવિક કરવાની વીરોચિત હિંમત પણ હતી. વેદો, ઉપનિષદો રામાયણ અને મહાભારત આ તે વખતનાં સાહિત્ય - સર્જનો છે. પહેલા બે તેની આધ્યાત્મિકતા સમજાવે છે. બીજા બે તેને જીવનમાં ચરિતાર્થ કરવાનો પ્રયત્ન. વેદોમાં ધાર્મિક અનુભૂતિઓને દેવોનાં પ્રતીકો દ્વારા વ્યક્ત કર્યાં તો ઉપનિષદોએ તે દેવોનાં પ્રતીકોના આરપાર જઈ તેનાં માનસ-શાસ્ત્રીય સિદ્ધાંતો અને તત્ત્વો સમજાવ્યાં. મહાકાવ્યોએ તે સિદ્ધાંતોને જીવનમાં લાવી નીતિમત્તા, સૌંદર્ય, ઉદાત્ત ભાવો દ્વારા વ્યક્ત કર્યાં છે. વેદોની સહજતા તેમના શબ્દ પ્રયોગો સાથે આપણે હવે પરિચિત ન રહેવાથી આપણા ધ્યાનમાં આવતી નથી. પણ વેદકાળમાં તો તે લોકમાન્ય હતાં. લોકો સમજતા હતા અને આચરતા પણ હતાં. વૈદિક ઋષિઓ માટે તે જીવંત સત્યો જ હતાં, કારણ ધ્યાનાવસ્થામાં તેમણે તે શબ્દો જીવંત રીતે સાંભળેલાં (કવયઃ સત્યશ્રુતયઃ) તેમણે મંત્રો પણ જોયા હતા (મંત્રદૃષ્ટ્રારાઃ) પણ અતિવિકસિત સંસ્કૃત ભાષા દ્વારા પણ તેમને પોતાની જીવંત અનુભૂતિને યથાવત્ વર્ણવવી અશક્ય લાગતી હતી. તેથી તેઓએ મર્મી અને ગૂઢ ઉચ્ચારણોનો આશ્રય લેવો પડ્યો (નિણ્યાંનિ વચાંસિ) તે શબ્દોમાં હજી સુધી અપ્રગટ એવાં સત્યો (પણ જે સૂક્ષ્મ જગતમાં અસ્તિત્વ ધરાવતા હતા) જેમને તેઓ 'ઋતમ્' કહેતા હતા અને તે ઋતમ્‌ને પ્રગટ કરવામાં જે સર્જનાત્મક દિવ્યઆનંદ મળતો, તેથી તેવા ઉદ્‌ગારોને 'ઋચા' કહેતા. (સુરુચિથી વર્ણવેલાં) ઋચિ પૂર્ણરીતે ઋત્‌ને પ્રગટ કરતાં શબ્દો તે જ ઋચા. આવા એક જ મૂળભૂત પરમ સત્યને ઋષિઓએ તેનાં વિભિન્ન પાસાંઓની દૃષ્ટિએ જુદી જુદી રીતે વર્ણવ્યું છે (એકં સત્ વિપ્રાઃ બહુધા વદંતિ)

માનવી સ્વરૂપનાં વિવિધ સ્તરો છે, જેમને તેઓ કોષ કહેતાં. તે ક્રમશઃ ખૂલવા માંડે છે અને પ્રકાશમય બની જાય છે. ભૌતિક દેહ ધરેલા માનવોનાં સહસ્રાર ચક્રમાં તે શૂભ્રવર્ણા (શુક્રમ્) જગન્માતા બેઠાં છે. (શુકલાંબરધરાં સરસ્વતી) તેમાંથી નીચે પ્રવાહિત થતો તેજોમય શક્તિ પ્રવાહ નીચે ઉતરી એક એક કોષને સ્તરને પ્રકાશિત

કરતો જાય છે. વૈદિક ઋષિ પ્રાર્થના કરે છે કે 'હે રશ્મિ, પ્રકાશકિરણ, તું ક્રીડા કર અને તારી જાતને પ્રગટ કર (ઋક્ - ૫-૧૯). આ અગ્નિ જ અમારા સાધના પથે અમને લઈ જાય છે.' (અગ્ને નય સુપથા રાયે) આને વેદોમાં 'મેઘાયાગ્નિ' પણ કહ્યો છે. ઋષિ જણાવે છે કે તેવા મેઘયાગ્નિથી મને યુક્ત કર (તયા મેઘાયાગ્ને મેઘાવિનં કુરું) વેદકાલિન ઋષિઓએ નિર્માણ કરેલાં આધ્યાત્મિક પ્રતીકો આપણને તંત્રમાં, પુરાણોમાં, વૈષ્ણવ - સંતોમાં, ચીનના કવિઓમાં, સૂફીઓમાં અને અંતે રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યોમાં પણ ચાલુ રહેતા દેખાય છે.

વૈદિક ઋષિઓ માનતાં કે ભૌતિક જગત પણ પરમ-ચેતનાનાં જ લીધેલાં સ્વરૂપો માત્ર છે. તે પરમ-ચેતનાનાં વિવિધ - શક્તિરૂપો એટલે જ દેવી-દેવતાઓ છે. પરમ-ચેતનાને આ જગત મારફત પૂર્ણ રીતે પ્રગટ થવું છે તે હેતુથી જ ઉત્ક્રાંતિ આગળ વધી રહી છે. આ ઉત્ક્રાંતિ એ જ યજ્ઞ છે. જગતરૂપી યજ્ઞકુંડમાં વિશ્વશક્તિરૂપી દેવો દ્વારા ઉત્ક્રાંતિની આહુતિઓ અપાઈ રહી છે. વ્યક્તિ ચેતનાની જવાલા એ જ યજ્ઞકુંડમાંના અગ્નિની લપેટો છે.

આવી રીતે વૈદિક સાહિત્યનાં ત્રણ લક્ષણો દેખાય છે :

૧ સમગ્ર વિશ્વ અને બ્રહ્માંડને આવરી લેતો વિષય અર્થાત્ વિષયની ભવ્યતા.

૨ પ્રતીકોની વિવિધતા, જીવંતતા અને અર્થ સભરતા.

૩ વાસ્તવિક જીવનને તેને અનુરૂપ ઢાળવાનો આગ્રહ અને ઉન્મેષ.

આવી ત્રિવિધ મહાનતા એ વૈદિક સાહિત્યની મહત્તા છે.

---

(પૃ.૩ ઉપરથી)

## પ્રાર્થના અને ધ્યાન

ચૈતસિક રૂપાંતર કરવાનું હોય છે. આને કારણે આપણો ચૈત્યપુરુષ અગ્રભાગે આવી પોતાના સંચાલનનું કાર્યક્ષેત્ર વિસ્તારીને મધ્ય અને નિમ્ન પ્રદેશોને આવરી લે છે. આ ક્ષેત્રોનું 'કેન્દ્ર' તેથી ચૈત્યપુરુષ બની જાય છે. શ્રી માતાજી આ ઘટનાને 'સર્વ દિવ્ય જગતોનું કેન્દ્ર' શોધી કાઢવું એમ કહે છે. ચૈત્યપુરુષ મારફત આપણે આ બધાં જ ચેતનાનાં સ્તરોને સુમેળમાં રાખી તેમની ઉપર કાર્ય કરી શકીએ છીએ.

માતાજી જણાવે છે કે પરાત્પરની આ રીતને માતાજીએ પોતાની બુદ્ધિથી સમજવા માટે વર્ણવી છે અને તે કાંઈ વાસ્તવિક વર્ણન ન જ ગણાય, પણ એક કામચલાઉ સમજણ તરીકે તેનો સાધનામાં ઉપયોગ કરવાનો હોય છે.

# યોગમાર્ગોનો સમન્વય

**અવતરણો** - (ભૂમિકા - પૃ.૧-૮)


૧ માણસજાતની પ્રવૃત્તિઓનાં પણ દૃઢ સ્વરૂપોની પાછળ કુદરતનો હાથ હંમેશા હોય છે. પૃ.૩

૨ અત્યારનો આપણો યુગ છે પ્રસૂતિકાળની વેદનાનો. પૃ.૩

૩ ભારતીય યોગવિદ્યા - મૂળમાં તો પ્રકૃતિની અમુક મહાન શક્તિઓનું કાર્ય અને કૃતિ છે. પૃ.૪

૪ યોગ પોતે પણ જો નવા સ્વરૂપે બહાર આવે તો માણસ - જાતને દોરવાનું - વધારે સરળતા અને સફળતાથી કરી શકે. પૃ.૪

૫ સમગ્ર જીવન એ એક યોગ જ છે. પૃ.૪

૬ શક્તિઓનો ઉપયોગ યોગ એકાગ્ર અને અસાધારણ રીતે કરે છે. પૃ.૫

૭ બધા જ યોગમાર્ગો પ્રકૃતિના - નિશ્ચિત સત્યના પાયા ઉપર રચાએલી ખાસ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ જ છે. પૃ.૬

૮ ભારતમાં દુન્યવી જીવન અને આત્મોન્નતિ અને પૂર્ણતા વચ્ચે એક તીવ્રભેદ હંમેશા રહેલો છે. પૃ.૭

૯ પૂર્ણયોગ તો એ જ હોઈ શકે જે ઈશ્વર અને પ્રકૃતિને ફરી એક કરી આપે. પૃ.૭


## જીવન અને યોગ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માનવની બધી જ પ્રવૃત્તિઓ પાછળ પ્રકૃતિની શક્તિ જ કામ કરતી હોય છે. તે શક્તિઓ પોતાના કાર્યને વિશિષ્ટ ઘાટ આપવા પ્રયત્ન કરે છે અને સ્થાપિત થઈ દૃઢ બની જાય છે.

પણ આવું નિશ્ચિત દૃઢ સ્વરૂપ જીવનના બદલતા પ્રવાહમાં કાલબાહ્ય બની જાય છે, નકામું પુરવાર થવા માંડે છે; તેથી પ્રકૃતિની શક્તિઓ જ તેને ભાંગી નાખે છે અને નવી પરિસ્થિતિને અનુરૂપ નવો ઘાટ રચવા મથે છે.

વિજ્ઞાનની શોધો અને ઔદ્યોગિક ક્રાંતિથી માનવી જીવનના જૂના ઘાટમાં ઉથલ - પાથલ મચી ગઈ છે. તે ભાંગી રહ્યું છે અને નવાં સ્વરૂપો સ્થિર કરવા પ્રયત્ન કરી રહ્યું છે.

યોગ-વિદ્યા પણ માનવની એક પ્રવૃત્તિ હોવાથી તેની નિયતિ પણ ઉપર મુજબની જ રહેવાની છે. પહેલા યોગ - વિદ્યા ફક્ત સંપ્રદાયો અને ગિરિકંદરામાં જ કેદ હતી, હવે તે

સામાન્ય માનવને પણ પ્રાપ્ત થવા લાગી છે.

યોગ માનવમાંથી નૈસર્ગિક ક્ષમતાઓને જે માનવમાં સુપ્ત છે, અવિકસિત છે, તેને વિકસાવવાની પદ્ધતિ છે. પ્રકૃતિ પણ જીવનને વિકસાવવા આ જ પ્રક્રિયા વાપરી રહી છે તેનો બેવડો ઉદ્દેશ છે :

૧ માનવમાંની સુપ્ત શક્યતાઓ અને ક્ષમતાને બહાર લાવવી.

૨ તે ક્ષમતાઓ દ્વારા વ્યક્તિને વૈશ્વિક અને વિશ્વાતીત સ્તરના પરમ-તત્ત્વ સાથે એકરૂપ કરવા સમર્થ કરવો.

આ રીતે જોતા પ્રકૃતિ પોતે પણ યોગ જ કરી રહી છે. ફક્ત તે યોગ હાલમાં અભાન રીતે ચાલી રહ્યો હોય છે. માનવનું મન વિકાસ પામેલું હોવાથી તે પ્રકૃતિનો જ યોગ સભાન યોગ બની જાય છે અને તેથી તે પોતાના ધ્યેય તરફ જલદ ગતિ કરે છે, કારણ માનવમનની એકાગ્રતાનો ઉપયોગ કરી પ્રકૃતિનાં કાર્યોને નિર્વિઘ્ન રીતે કામ કરવા દે છે ઉપરાંત તેમાં મદદરૂપ પણ થાય છે.

યોગપ્રણાલીઓ વિવિધ પ્રકારની છે જે દરેક માનવનાં વિશિષ્ઠ તત્ત્વોનો ઉપયોગ કરી ઉપર મુજબનું કાર્ય સાધે છે. દા.ત. રાજયોગ મનની શક્તિનો ઉપયોગ કરીને પ્રગતિ સાધે છે, તો ભક્તિયોગ હૃદયની શક્તિઓનો. હઠયોગ પ્રાણ અને શારીરિક શક્તિઓનો ઉપયોગ કરે છે. પૂર્ણયોગ આ બધી શક્તિઓનો સમન્વયાત્મક રીતે ઉપયોગ કરીને બધી જ શક્તિઓનો સમન્વયાત્મક વિકાસ દ્વારા પોતાનું ધ્યેય પ્રાપ્ત કરવા માંગે છે. આમ પૂર્ણયોગનો પાયો અને પદ્ધતિ બન્ને અન્ય યોગો કરતાં વધારે વિશાળ છે. પૂર્ણયોગનું ધ્યેય પણ તે પ્રમાણે જ અન્ય યોગો કરતાં વધારે વિશાળ છે. અન્યયોગોમાં બાહ્ય જીવનો ત્યાગ કરી યોગ વિકસાવવાની પદ્ધતિ સર્વ સામાન્ય બની ગઈ છે. પૂર્ણયોગ આ બહુસ્તરીય સમગ્ર જીવનને જ યોગનું ક્ષેત્ર ગણે છે, તેથી પૂર્ણયોગમાં સાધનસામગ્રી અને ધ્યેય બન્ને બાબતમાં સમગ્રતા અને સમન્વય ઉપર ભાર મૂક્યો છે.

આ પરિવર્તનના યુગમાં યોગ પણ પરિવર્તન પામી નવું કલેવર ધારણ કરી રહ્યો છે અને તે નૈસર્ગિક પ્રક્રિયા હોવાથી આપણે તે સ્વીકારવી જરૂરી છે.

## પરાત્પર કરુણા

એ વિશ્વાતીત પરાત્પરની કરુણાને સક્રિય બનાવવા માટે માતાજી દેહ ધારણ કરે છે (તેથી પોતે વિશ્વરૂપે કાર્ય કરતાં હોય છે ત્યારે જગતના નિયમો પ્રમાણે કામ કરે છે, પણ પોતે સદેહે અહિં આવે ત્યારે તેઓ અખંડ કરુણા રૂપે કાર્ય કરે છે) - શ્રી અરવિન્દ (૧૩-૮-૩૩)

# અરવિન્દોપનિષદ

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## જગત એક લીલામાત્ર છે.

પ્રકરણ - ૨૨

**ૐ તત્સત્ । યત્ ચ સત્ ચિદેવ તત્ । યત્ ચ ચિત્ સ આનંદઃ । યત્તુ નિરાનંદમિતિ ભાસતે, દુઃખમિતિ, દુર્બલમિતિ, અજ્ઞાનમિતિ તત્ આનંદસ્ય વિકારાઃ, આનંદસ્ય ક્રીડા ।।**

જે ઓમ છે તે જ સત્ છે. જે સત્ છે તે જ ચિત્ છે. જે ચિત્ છે તે જ આનંદ સ્વરૂપ છે. જે આનંદવિહિન લાગે છે, દુઃખરૂપ લાગે છે, અજ્ઞાનમય અર્થાત્ જડનિર્જીવ લાગે છે તે આનંદના વિકારો માત્ર છે, વિકૃતિઓ માત્ર છે. તે આનંદ તત્ત્વની રમત છે, લીલામાત્ર છે.

ઓંકારને જ નાદ બ્રહ્મ કહે છે. તે સર્વધ્વનિ અને રવનું મૂળ સ્વરૂપ છે. તે આંદોલન સ્વરૂપ છે, છંદ સ્વરૂપ છે. યોગીઓ અચલબ્રહ્મને પોતાનાં ચિત્તમાં અનુભવે છે તે નિષ્ક્રિય, નિરાકાર, અસીમ, પ્રકાશમય સ્થિર ચેતના સ્વરૂપ છે. તેમાં પ્રભુનાં અનંતરૂપે પ્રગટ થવાનાં સંકલ્પથી જે લહેરીઓ, આંદોલનો, તરંગો નિર્માણ થવા લાગ્યાં તેને જ નાદ કહે છે. કારણ તે આપણા ચિત્તમાં અનાહત નાદ તરીકે અનુભવાય છે. ઓંકારને જ પ્રણવ પણ કહે છે કારણ તે નાદ એકધારો સંભળાતો હોવા છતાં તેના અખંડ અનુભવથી કંટાળો આવતો નથી. હર ક્ષણે તે તાજો, નાવીન્યપૂર્ણ લાગે છે તેથી તેને પ્રણવ કહે છે. પ્રણવ એટલે પ્રકર્ષેણ નૂતનં ભાસતે ઈતિં અર્થાત્ જે હરક્ષણે નવો જ લાગે છે તેવો નાદ.

કોઈ સાધક એમ ન સમજે કે આવી નાદ - અવસ્થા એ અચલ બ્રહ્મની અવસ્થા નથી, તે સાચી અને સત્ સ્વરૂપ નથી. પણ તે બ્રહ્મતત્ત્વની જ સક્રિય પાસા સ્વરૂપ હોય છે. તે બ્રહ્મતત્ત્વ જ છે સત્ જ છે. તેથી અહીં શ્રી અરવિન્દ જણાવે છે તે પણ સત્ સ્વરૂપ જ છે. આ સમજણની પરંપરા વૈદિક કાળમાં હતી પણ પછી કાળના પ્રવાહમાં નષ્ટ થઈ ગઈ હતી. વેદોમાં જ ૐ તત્સત્ આ વાક્યનો ઉલ્લેખ આવે છે. શંકરાચાર્ય વખતે તે પૂરેપૂરી ભૂંસાઈ ગઈ હતી, તેથી જગતનું સ્પષ્ટીકરણ આપવા માટે તેમને માયાવાદ કે

વિવર્તવાદને આગળ લાવવો પડ્યો. પાછળથી વૈદિક પરંપરાની જાણ થતાં તેમણે પણ સત્યના વિવિધ પ્રકારો પાડ્યાં અને સમન્વય સાધ્યો. તેમાં નાદમાંથી જન્મેલ ભૌતિક જગતને પણ નાદાત્મકં જગત ગણી તેને વ્યવહારમાં વ્યાવહારિક - સત્યનો દરજ્જો આપ્યો અને અધ્યાત્મમાં પ્રાતિભાસિક સત્યનો. પ્રાતિભાસિક એટલે અચલબ્રહ્મ ઉપર જ નાદને કારણે નિર્માણ થએલ ભાસસ્વરૂપ જગત. આમ જગતને એક નિમ્ન કક્ષાનાં સત્યનો દરજ્જો આપ્યો.

શ્રી અરવિન્દ જગતને પણ બ્રહ્મતત્ત્વ જેવો જ આધ્યાત્મિક સત્યનો જ દરજ્જો આપે છે, પણ તે જગત હાલમાંનું અર્ધઉત્ક્રાંત જગત નહિ પણ ભવિષ્યમાં ઉત્ક્રાંત થતું અતિમનસ જગત અને આનંદમય જગતને.

શ્રી અરવિન્દ જ આગળ જણાવે છે કે જે સત્ છે, તે જ ચિત્ છે અને જે ચિત્ છે તે જ આનંદ છે પણ પ્રશ્ન થાય છે કે જડ પથ્થર સત્ છે વાસ્તવિક છે પણ તેમાં ચેતના તો નથી. માનવી જીવનમાં ચેતના દેખાય છે પણ તે દુઃખદર્દથી ભરેલું છે, આનંદમય નથી જ. તો આનું સ્પષ્ટીકરણ શ્રી અરવિન્દ કેવી રીતે આપે છે ? શ્રી અરવિન્દ સત્‌ની બે સ્થિતિ માન્ય રાખે છે. એક છે ઋતમ્, બીજી છે સત્યમ્. વૈદિક પરંપરામાં આ ભેદ પાડેલો જ છે. ઋતમ્ એટલે બીજરૂપે રહેલ હાલમાં અનુત્ક્રાંત, અવિકસિત અને તેથી અવ્યક્ત રહેલ સત્યની અવસ્થા. સત્ય એટલે ઉત્ક્રાંત થએલ, વિકસિત અને વ્યક્ત થએલ ઋતમ્‌ની અવસ્થા. પથ્થરમાં સત્ પાસું વ્યક્ત છે પણ ચિત્ પાસું હજી અવ્યક્ત છે. માનવ-જીવનમાં સત્ અને ચિત્ પાસું વ્યક્ત છે પણ આનંદ પાંસુ હજી અવ્યક્ત છે. આ વ્યક્ત અવ્યક્તનો ભેદ નજર અંદાજ કરીએ તો દરેક વસ્તુ સત્ પણ છે ચિત્ પણ છે અને આનંદ સ્વરૂપ પણ છે.

તેથી માનવ જીવન જે આનંદવિહિન લાગે છે કે દુઃખરૂપ લાગે છે જે અજ્ઞાનમય મૂઢ લાગે છે, આ બધી સત્ ચિત્ આનંદ સ્વરૂપના આવિર્ભાવમાં આવતા અવરોધોને કારણે આ ત્રણે પાસાં વિકૃત રીતે પ્રગટ થઈ રહ્યાં છે. જ્યારે ઋતમ્ વિકાસ પામીને પૂરેપૂરું સત્યમ્ બની જશે ત્યારે આવી વિકૃતિઓ પોતાની મેળે ખરી પડવાની જ છે.

શ્રી અરવિન્દે એક ઠેકાણે જણાવેલ છે કે આનંદની તીવ્રતા આપણા મન, પ્રાણ, શરીર ઝીલી શકતાં ન હોવાથી જ તેને તે જ આનંદ દુઃખરૂપ લાગે છે. જેમ પવન એ તો જીવનને અત્યંત જરૂરી છે, પણ વાવાઝોડામાં માનવ ગુંગળાઈને મરી જાય છે. 'જે પોષતું તે મારતું એવો દિસે ક્રમ કુદરત તણો' એવું જ આપણને લાગે છે. આપણી સત્‌ચિત્ આનંદને વ્યક્ત કરવાની અક્ષમતા અને નબળાઈ જ દુઃખરૂપ બની જાય છે, દુઃખનું કારણ બની જાય છે.

હવે એક નવી જ સમસ્યા નિર્માણ થાય છે. શું જગતમાં એવાં તત્ત્વો છે જે સત્‌ચિત્

(પૃ.૮ ઉપર)

# રાષ્ટ્રીય શિક્ષણ

- શ્રી અરવિન્દ

## ઈન્દ્રિયોની કેળવણી

અવતરણો

(રાષ્ટ્રીય કેળવણી - શ્રી અરવિંદ (પેજ ૫૦-૬૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**પ્રકરણ - ૮**

૧ આપણામાં છ ઈન્દ્રિયો આવેલી છે - દૃષ્ટિ, શ્રવણ, ગંધ, સ્પર્શ અને સ્વાદ. છેલ્લી ઈન્દ્રિય મન. પૃ.૫૦

૨ ઈન્દ્રિયોમાં બે વસ્તુ હોવી જોઈએ, ચોકસાઈ અને સંવેદનશીલતા. પૃ.૫૦

૩ જ્ઞાનતંતુમાં ઊભી થતી અટકાયતને લીધે - ઈન્દ્રિયોની સંવેદનશીલતા ઘટી જાય છે. પૃ.૫૧

૪ આનો ઈલાજ છે શ્વાસોચ્છ્વાસનું નિયંત્રણ. પૃ.૫૨

૫ જ્ઞાનતંતુઓની ક્રિયાઓમાં થતા રહેતા વિકારોનું મૂળ કોઈ પ્રકારની (મનમાંની) લાગણીનો ક્ષોભ..... તેમાં મળી આવે છે. પૃ.૫૨

૬ મનસ એ પણ જ્ઞાનતંતુઓની માફક... નહેર છે. પૃ.૫૩

૭ આ મુશ્કેલી લાગણીઓને સંયમમાં લાવીને દૂર કરી શકાય છે. આ વિષય નૈતિક કેળવણીમાં આવે છે. પૃ.૫૪

૮ મનની આ એક વિશિષ્ટ સંવેદનશીલતા છે. એ જ્યારે પૂર્ણ વિકાસ પામે છે ત્યારે યોગસાધનામાં તેને સૂક્ષ્મદૃષ્ટિ કહે છે. પૃ.૫૪

૯ જૂના સંસ્કારોનાં આ વિઘ્નોને દૂર કરવાનો ઈલાજ છે ચિત્તશુદ્ધિ. પૃ.૫૫

૧૦ આજની કેળવણીની પદ્ધતિમાં.... આ વસ્તુને સ્થાન જ ન મળે તેવી સ્થિતિ છે. પૃ.૫૬

૧૧ (આપણા ચિત્તમાં)... સંવેદનોનું ચંચળપૂર વહેતું રહે છે. આ પૂર શાંત થઈ જતાં એક નિષ્ક્રિયતા બની આવે છે. એ નિષ્ક્રિયતા બુદ્ધિને જૂના સંસ્કારોના..... ઘરોમાંથી મુક્ત કરે છે. પૃ.૫૬

૧૨ બુદ્ધિનું કાર્ય સંપૂર્ણ કરવા માટે ચિત્તશુદ્ધિ અતિશય આવશ્યક છે. પૃ.૫૭

બાળકને પાંચ ઈન્દ્રિયો આપી છે તે છે આંખ, કાન, નાક, જીભ અને ત્વચા. આમની દ્વારા તેને દર્શન, શ્રવણ, સુગંધ, સ્વાદ અને સ્પર્શનાં સંવેદનો પ્રાપ્ત થાય છે. આ બધી જ ઈન્દ્રિયો બહારના જગતનું જ્ઞાન મેળવે છે, તેથી તેમને બાહ્યેન્દ્રિય કહેવાય છે.

મન આ છઠ્ઠું ઈન્દ્રિય છે જે આ પાંચે ઈન્દ્રિયોએ મોકલેલ સંવેદનોને ઝીલી શકે છે અને તેમને સ્મૃતિની મદદથી યોગ્ય રીતે ગોઠવી શકે છે અને તેમને યોગ્ય રીતે ગોઠવી તેમાંથી એક માનસ-પ્રતિમા રચી શકે છે તેથી તેને આંતરઈન્દ્રિય કહી છે.

વ્યવહારમાં જેને મન કહીએ છીએ તેને શાસ્ત્રોમાં અંતઃકરણ (આંતરઈન્દ્રિય) કહ્યું છે. તેના ચાર વિભાગ ગણેલાં છે - મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. આમાંનું મન ઉપર મુજબ માનસ-પ્રતિમા રચવાનું કામ કરે છે. બુદ્ધિ આ માનસ-પ્રતિમાનું અર્થઘટન કરે છે. તેમાં મદદરૂપ થવા ચિત્ત પોતે સંગ્રહી રાખેલ ભૂતકાળનાં સંસ્મરણોમાંથી યોગ્ય સંસ્કારને જાગૃત કરીને તેને સ્મૃતિરૂપે બુદ્ધિને અર્થઘટન કરવા મદદરૂપ થાય છે. જ્યારે અહંકાર આ જે વસ્તુનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તેનો અનુભવ લેવાનું અને તેનો ઉપયોગ કરીને પોતાનો વિકાસ સાધવાનું કામ કરે છે.

ઈન્દ્રિયોની કેળવણીમાં આમ પાંચ બાહ્યેન્દ્રિય અને ચાર આંતર-ઈન્દ્રિયો મળીને કુલ નવ ઈન્દ્રિયો કેળવવાની હોય છે. આ સિવાય પાંચ કર્મેન્દ્રિયોની પણ કેળવણી જરૂરી છે. આ કેળવણીનો વ્યવહારુ હેતુ નીચે મુજબનો છે :

૧ ઈન્દ્રિયોની સંવેદનશીલતામાં પૂર્ણતા અને સ્પષ્ટતા લાવવી. તેઓમાં સુસંવાદ અને સમન્વયતા લાવવી.

૨ સંવેદનાવાહક તંતુઓને મજબૂત, સક્ષમ અને પોતાના કામમાં નિષ્ણાત બનાવવા. તે માટે નાડીશુદ્ધ કરાવવી પ્રાણાયામથી નાડીશુદ્ધિ થાય છે.

૩ મનને શાંત અને એકાગ્ર રાખવાની કેળવણી આપવી જેથી તે સંવેદનોને બરાબર ઝીલી શકે અને બધાં જ સંવેદનોને ઝીલી શકે.

૪ બુદ્ધિની અર્થગ્રહણ ક્ષમતામાં (Recognition) સુધારો કરવો.

૫ ચિત્તની સ્મૃતિશક્તિને તીક્ષ્ણ અને સર્વગ્રાહી કરવી.

૬ અહંકારની અનુભવ ક્ષમતાને વધારે સૂક્ષ્મ, વિશ્લેષણાત્મક, સમન્વયાત્મક અને જીવનોપયોગીતા જાણવાની ક્ષમતા વધારવી.

૭ બધી જ ઈન્દ્રિયોને સાચો અને પૂરતો આરામ કેમ લેવો તેની કેળવણી આપવી તેમ જ તેમના આરોગ્ય અને જાળવણીની કેળવણી આપવી.

૮ કર્મેન્દ્રિયોની કાર્યક્ષમતા અભ્યાસ અને કસરત દ્વારા વિકસાવવી અને

તેમની વચ્ચે સુમેળ નિર્માણ કરવો.

પ્રાણાયામ કરવાથી શરીરને જે વધારે ઓક્સિજન મળે છે તે જ્ઞાનતંતુઓમાં જામેલા ટોક્ષીનને ઓક્સીડંટને (જૈવિક કચરો) ધોઈ નાંખે છે અને જ્ઞાનતંતુઓને નિરામય બનાવે છે. જ્ઞાનતંતુ નિરામય થતા તેમની દ્વારા પસાર થતાં સંવેદનો વિકૃત થયા વગર મન પાસે પહોંચે છે. આ રીતે જ્ઞાનાર્જનમાંનો એક તબક્કો સફળ રીતે પાર પાડે છે.

પણ મન જો ક્ષુબ્ધ હોય, ચંચળ હોય, એકાગ્ર ન હોય, થાકેલું હોય, રસ ન લેતું હોય તો પણ જ્ઞાનાર્જન પ્રક્રિયા અધવચ્ચે જ અટવાઈ જાય છે. તેથી મનને પણ શાંત, સ્થિર, એકાગ્ર, પ્રસન્ન, રસમય, સ્વસ્થ બનાવવું હોય તો તેને માટે ધ્યાન શ્રેષ્ઠ ઉપાય છે. તેથી મનને શાંત કરવા ધ્યાન કરતાં બાળકને શીખવવું જરૂરી છે. ધ્યાનમાં મનને આંતર કે બાહ્ય ઘટનાઓ પ્રત્યે કોઈ માનસિક પ્રતિભાવ આપ્યા વગર, પસંદગી નાપસંદગી વગર, ફક્ત સાક્ષીભાવે જોતા રહેવાની ટેવ પાડવી જરૂરી છે. આ અવસ્થામાં મનને આરામ મળે છે. તે પોતાની ઊર્જાની સપાટીને ઉપર લાવી શકે છે. પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે છે. સાથે સાથે બાળકોને જીવનમાં જે મળ્યું છે તેનો સંતોષથી સ્વીકારવાનો અભિગમ ધારણ કરવા શીખવવું જરૂરી છે. આમ મનમાં સંતોષ અને શાંતિ સ્થાપન થતાં મન પોતાનાં કાર્યો વ્યવસ્થિત પાર પાડી શકશે.

મન પોતે ઝીલેલાં સંવેદનોને ચિત્ત પાસે મોકલે છે. ચિત્ત પોતાના ભૂતકાળનાં સ્મૃતિચિત્રો અનુસાર તે વેરવિખેર સંવેદનોને વ્યવસ્થિત ગોઠવે છે અને બુદ્ધિની સામે તે નવું રચાએલું માનસ-ચિત્ર અને ભૂતકાળના સંસ્કારોથી સચવાએલા માનસચિત્રને તુલના કરી અર્થઘટન કરવા મૂકે છે. આ ચિત્તનું કાર્ય છે. ચિત્ત સદા ભૂતકાલિન અનુભવોના આધારે પ્રતિભાવ સ્વરૂપે સમાન માનસચિત્રો જાગૃત કરતું હોય છે અને તેથી સતત ડહોળાતું હોય છે. આને વિક્ષિપ્ત ચિત્ત કહે છે.

ચિત્તની આ વિક્ષિપ્તતા પણ જ્ઞાનાર્જનમાં વિઘ્નરૂપ બની શકે છે, તેથી જરૂર હોય ત્યારે જ સક્રિય બનવાનો તેને અભ્યાસ કરાવવાની જરૂર છે. ચિત્તની એક ખાસિયત છે. તે એક વખતે એક જ માનસચિત્ર રચી પ્રતિભાવ આપી શકે છે. આ તેની ખાસિયતનો ઉપયોગ કરી તેને શાંત એકાગ્ર કરી શકાય છે. તેના માટે પણ ધ્યાન પ્રક્રિયા જ મદદરૂપ થાય છે. તેમાં એક જ મૂર્તિ, ચિત્ર કે કલ્પના - ચિત્ર ઉપર સતત એકાગ્ર રહેવાથી ચિત્ત એ કાળ દરમિયાન આવતાં અન્ય સંવેદનોને પોતાનો કોઈ પ્રતિભાવ નહિં આપી શકે અને ધીમે ધીમે પોતાની પ્રતિભાવ ન આપવાની ક્ષમતા વિકસાવશે. એ જ વખતે ધ્યાનના વિષય બાબતના પ્રતિભાવો પણ અતિપરિચિત થઈ

જવાથી તેમાંથી તે પોતાનું તે બાબતનું નાવીન્ય, નવીનતા ખોઈ બેસે છે અને તે વિષય બાબત પણ પ્રતિભાવ આપતું બંધ થઈ જાય છે. આમ સર્વ રીતે એકાગ્ર ધ્યાનથી પ્રતિભાવમુક્ત બની શાંત રહેતા શીખે છે. આને જ ચિત્તશુદ્ધિ કહેવાય છે. પંતજલીએ આ પદ્ધતિ પોતાના યોગસૂત્રોમાં વર્ણવી છે. તેની દ્વારા ચિત્તવૃત્તિનિરોધ થાય છે. તેમ જ શાંત-ચિત્તમાં આત્મતત્ત્વ પ્રકટ થઈ પોતાનો સાક્ષાત્કાર પણ કરાવે છે જે જીવનનો સાચો હેતુ છે, એમ જણાવે છે. ચિત્તવૃત્તિ એટલે સંવેદનોને ચિત્તે આપેલો પ્રતિભાવ અને તેનો નિરોધ એટલે ચિત્તની આ ટેવને ભાંગી નાખવી. આવા ચિત્તવૃત્તિનિરોધને કારણે શાંત ચિત્તમાં ઊર્ધ્વનાં સત્યોનું અવતરણ થાય છે. આવા સત્યોને ઋતં કહે છે, જે હજી ભૌતિક સ્તરે વાસ્તવિક બનેલાં નથી. તેનાથી ભરપૂર ચિત્તને 'પ્રજ્ઞા' કહે છે. તેમ જ આવા નિરોધ પછી સંકલ્પબળે જ્યારે જરૂર હોય ત્યારે જ ચિત્તને પ્રતિભાવ આપવા જણાવી શકાય છે. આને જ 'ચિત્તસંયમ' અથવા 'મનોજય' કહેવાય છે. બાળકોને આ પદ્ધતિ નાનપણમાં શીખવવાથી તે બાકી જીવનમાં પોતાના મનોવિકારોને નાથી શકે છે, જે સંસ્કારી સમાજ માટે ખૂબ જ જરૂરી છે. પ્રજ્ઞાના જાગરણથી બાળક સર્વ ક્ષેત્રોમાં નવસર્જન કરવા સક્ષમ બને છે. શાંત ચિત્તમાં વિશ્વશક્તિઓને ધારણ કરીને તેનો ઉપયોગ કરવાની ક્ષમતા પણ આવે છે. તેને જ અષ્ટસિદ્ધિ કહે છે.

ચિત્તના કાર્ય પછી બુદ્ધિનું કાર્ય શરૂ થાય છે. બુદ્ધિ અર્થઘટન કરીને નિર્ણય લેવાનું કામ કરે છે. બુદ્ધિની આ નિર્ણયક્ષમતા ચિત્તની વિકારમુક્તિને કારણે વધારે તટસ્થ અને વાસ્તવવાદી બને છે. બુદ્ધિની અવઢવ દશા રહેતી નથી, દ્વિધા અવસ્થા રહેતી નથી. કારણ બે સરખાં પર્યાયો પૈકી એક નિશ્ચિત કરવાની પરિસ્થિતિમાં જ બુદ્ધિ અવઢવ અનુભવે છે. બુદ્ધિને વિવેકક્ષમતાથી વધારે સક્ષમ કરવી જરૂરી છે. વિવેકજ્ઞાન ચિત્તની શાંતિ અને તેણે સંઘરેલા ઉદાત્ત આદર્શો વગેરેના મદદથી સુધારી શકાય છે. બાળકોને જીવનનો મૂળભૂત આધ્યાત્મિક હેતુ બરાબર સમજાવીને તેની ઉપર તેની શ્રદ્ધા અને નિષ્ઠા મજબૂત કરવી પડે છે. આ કામ તેને આધ્યાત્મિક સમજણ આપીને જ કેળવી શકાય છે. આવી રીતે બુદ્ધિને વિવેકી કરતાં જ તે જ્ઞાનાર્જનના કામમાંની પોતાની ભૂમિકા બરાબર પાર પાડશે.

જ્ઞાનાર્જની પ્રક્રિયામાંનું અંતિમ ઘટક છે અહંકાર. અહંકાર જ્ઞાનનો ઉપયોગ પોતાની ચેતનાના વિકાસમાં કરવાનું કામ કરે છે. ત્યાં સુધી આ જ્ઞાનનો ઉપયોગ અહંકાર સુખ સુવિધા વધારવામાં અને વાસનાઓની આળપંપાળ કરવામાં જ વાપરે છે પણ વિવેકપૂર્ણ બુદ્ધિનું માર્ગદર્શન મળતાં તેમજ ચિત્તશુદ્ધિને કારણે વાસનાક્ષય થતાં

આ દુરુપયોગ બંધ થઈને તેને ચેતનાના વિકાસમાં લગાડવામાં આવે છે. પહેલાનું અહંકારનું સંકુચિત ક્ષેત્ર અને સંકુચિત ચેતના હવે વિશાળતા ધારણ કરે છે. તે દેશપ્રેમ, સંસ્કૃતિપ્રેમ, જ્ઞાનપિપાસા, કલાઉપાસના, સાહિત્યસર્જન, આધ્યાત્મિક સાધના, વૈજ્ઞાનિક સંશોધન, સામાજિક સેવાઓ વગેરે ઉદાત્ત હેતુ માટે વાપરવા માંડે છે. શિક્ષણનો મૂળ હેતુ જ આવો ઉદાત્ત માનવ-ચારિત્ર્ય ઘડવું એ જ છે.

જ્ઞાનાર્જનમાં સામાન્ય માનવ પોતાની બાહ્ય અને આંતર - ઈન્દ્રિયોનો તથા મગજનો પૂરેપૂરો ઉપયોગ કરતો નથી. કહે છે કે વિલક્ષણમાં વિલક્ષણ પ્રતિભાશાળી વ્યક્તિ પણ મગજ અને ઈન્દ્રિયોની દસ ટકા ક્ષમતા જ વધારે છે. નેવું ટકા ક્ષમતા વણવપરાએલી અને તેથી અવિકસિત જ રહે છે. ઉપર જણાવેલા યોગિક પ્રયત્નોથી આ વણવપરાએલી ક્ષમતાઓ પ્રગટ થવા માંડે છે અને વિકસે છે.

આ ઉપરાંત એક વધારાનો ઉપાય પણ કરવો જરૂરી લાગે છે. બાળકની આજુબાજુ અનેક ઘટનાઓ બનતી હોય છે. તેનાં સંવેદનો તેની ઈન્દ્રિયો દ્વારા તેના મન પાસે પહોંચે છે, પણ મન ઉપર જણાવ્યા મુજબ બેધ્યાન તથા પોતાની પૂરેપૂરી ક્ષમતા ન વાપરતું હોવાથી લગભગ સિત્તેર ટકા સૂક્ષ્મ સંવેદનો મનના ધ્યાનમાં પણ ન આવવાથી તે બાબત બાળક સભાન બનતું જ નથી. આ તેની બધિરતા, ગાફેલિયત નિર્મૂળ કરવાનો આ ઉપાય છે. બાળકને બધી વસ્તુઓ બાબત સભાન રહેવાનો અભ્યાસ કરાવવો જરૂરી છે. તેણે વસ્તુનું સ્વરૂપ, તેના ગુણધર્મો, સંવેદનનું મૂળ વગેરે બાબતે મનને સભાન અને સજાગ રહેતા શીખવવું પડશે, જેથી બધાં જ સંવેદનો ચિત્ત સામે રજૂ થાય અને તે તેમાંથી માનસ - ચિત્ર રચી બુદ્ધિ સામે રજૂ કરે અને બુદ્ધિ તેનું અર્થ - ઘટન કરે. આમ કરવાથી બાળકની અવલોકન શક્તિમાં ઘણો સુધારો થશે.

અવલોકનશક્તિ વિકસાવવા જે એકાગ્રતાની જરૂર છે તે બે પ્રકારની હોય છે. એક જ સ્થિર વસ્તુ ઉપરની એકાગ્રતા એ પ્રથમ પ્રકાર છે. પણ એક વિકસતી ઘટના જોતી વખતે આપણી એકાગ્રતા એક જ વસ્તુ ઉપર ન રહેતા એકીસામટી થતી અનેક ઘટનાઓ પર એકીસાથે સર્વગ્રાહી એકાગ્રતા બને છે. આવી રીતે બાળકને એક જ વસ્તુ ઉપર અને એક જ વખતે અનેક વસ્તુ ઉપર પણ એકાગ્રતા કરવાનો અભ્યાસ કરાવવો જરૂરી છે.

અવલોકન - શક્તિને વધારે મજબૂત કરવાનો ત્રીજો પણ એક પ્રકાર છે. તેમાં જે અવલોકન કરાય છે તેનું યથાર્થ વર્ણન લખી લેવામાં આવે છે અથવા ચિત્રકાર તે મુજબ ચિત્ર દોરી વિવિધ રંગોની રંગછટા આપે છે આથી અવલોકન સાંગોપાંગ થવાની કેળવણી મળે છે.

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## માંડૂકી - વિદ્યા

પ્રકરણ -૧૪

(માંડૂકોપનિષદ ૧-૧-૩ થી ૬)

મુક્તિકોપનિષદમાં ભગવાન રામે કહ્યું છે કે મુક્તિ મેળવવા માટે ફક્ત માંડૂક્યોપનિષદ જ પૂરતું છે. તે ન સમજાય તો ઈતર દશ ઉપનિષદોનો વધારે સમજણ માટે અભ્યાસ કરવો.

એવું શું છે આ ઉપનિષદમાં જેથી રામ તેને આટલું મહત્ત્વ આપે છે ?

તેનું કારણ છે માંડૂક્યોપનિષદમાં જણાવેલી માંડૂકી વિદ્યા. માંડૂકી વિદ્યા એટલે જ ૐકારની ઉપાસના એટલે જ પ્રણવોપાસના.

માંડૂક્યોપનિષદ બાર જ મંત્રોનું છે અને તેમાં પ્રણવોપાસના કેમ કરવી એ મંડૂક ઋષિએ જણાવી છે.

ઋષિ જણાવે છે કે આત્મતત્ત્વ આપણી ત્રણ અવસ્થાઓ નીચે ઢંકાએલું છે. આ ત્રણ અવસ્થા એટલે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થા. આ ત્રણેની પેલીપાર એક અવસ્થા છે જેને 'તૂરીય' અવસ્થા કહે છે. તે સદાજાગૃત અવસ્થા છે. તે નિત્ય સભાન અવસ્થા છે. તે ત્રણે અવસ્થાની પેલીપાર હોવાથી જ તેને 'તુરીય' અવસ્થા કહે છે. તુરીય એટલે ત્રણે અવસ્થાઓને વટાવીને જવાતી ચોથી અવસ્થા.

આપણી જાગૃત અવસ્થા, સ્વપ્નાવસ્થા અને સુષુપ્તિ અવસ્થા આમ તો એકબીજા સાથે જોડાએલી જ છે કારણ તે ત્રણે આપણી જ અવસ્થાઓ છે પણ તેમનાં કાર્યો એવાં થઈ ગયાં છે જાણે તે જોડાએલાં ન હોય. જાગૃતમાંથી સ્વપ્નાવસ્થામાં પ્રવેશતાં જ વચમાં એક ચેતનાનો અંધારપટ આવી જાય છે તેથી સ્વપ્નાની વિગતો આપણી જાગૃત અવસ્થામાં ભાગ્યે જ યાદ આવે છે તેમ જ સ્વપ્નાવસ્થામાંથી સુષુપ્તિ અવસ્થામાં જતી વખતે પણ વચમાં એક ચેતનાનો અંધારપટ આવી જાય છે. આમ આપણને ત્રણે અવસ્થાઓ તદ્દન સ્વતંત્ર અને અસંબદ્ધ લાગે છે.

આપણે અભ્યાસથી આ ત્રણે અવસ્થાઓને જોડી શકીએ છીએ. માતાજીએ જાગૃત અને સ્વપ્નાવસ્થાને જોડવાની પદ્ધતિ પોતાના સ્વાનુભવે વિકસાવીને આપણને જણાવેલ છે. તેઓ જણાવે છે કે સૂતા પહેલાં સ્વપ્ન બાબત સભાન

બનવાનો દૃઢ સંકલ્પ કરીને સુવું. સ્વપ્નું પુરુ થતાં જ તમે જાગી જશો, તેનો છેલ્લો ભાગ તમને યાદ રહેશે. તે વખતે શાંત પડ્યા રહો. એકાગ્ર થાઓ. હાલચાલ કરો નહિ. મનના પડદાને કોરો કરી નાખો. અન્ય વિચારો નહીં. ધીમેધીમે સપનું તમને ઉલટા ક્રમે યાદ આવશે. પછી સુલટાવીને યાદ રાખવા બે ત્રણ વાર પુનરાવર્તન કરો પછી ઉઠીને ક્યાંક નોંધી લો.

તેમજ ભાવપૂર્વક કરાતા જપ દ્વારા આપણે સ્વપ્નાવસ્થા અને સુષુપ્તિમાં પણ સભાન રહી શકીએ છીએ.. સભાન અને એકાગ્રતા આ વસ્તુઓ દ્વારા જ આ જોડાણ કરી શકાય છે.

આ સભાનતા પ્રણવોપાસનાથી કેળવાય છે. હું નિત્ય જાગૃત આત્મતત્ત્વ છું અને આ ત્રણે મારી જ ત્રણ અવસ્થા છે, એવો સતત સભાન રહેવાનો પ્રયત્ન કરવાથી આ ત્રણે અવસ્થાઓ જોડાઈ જાય છે. આ ત્રણે અવસ્થાઓ જોડાઈ જવાથી એક પ્રકારનો અખંડ સાક્ષીભાવ રચાય છે. વશિષ્ઠ ઋષિ તેને 'જાગૃત - સુષુપ્તિ' કહે છે. ત્યાં જાગૃતાવસ્થાની સભાનતા હોય છે, સુષુપ્તિ અવસ્થાની નિરવતા હોય છે અને જગત પ્રભુની ચેતનામાં નિર્માણ થતાં સ્વપ્ત જેવું છે એવો ભાવ હોવાથી સ્વપ્નાવસ્થા પણ હોય છે.

જેમ દેડકો કૂદતો કૂદતો ઇચ્છિત સ્થળે પહોંચી જાય છે એમ આપણે ત્રણે અવસ્થાઓને વટાવીને ચોથી તુરીય અવસ્થામાં પહોંચી જઈએ છીએ. આ ચોથી અવસ્થાને જ આત્મભાવ, બ્રહ્મભાવ કહે છે.

પ્રણવોપાસના દ્વારા આ આત્મભાવમાં કેમ પહોંચાય તે માટે પ્રણવનો અર્થ મેં શ્રી અરવિંદોપનિષદના પ્રથમ પ્રકરણમાં (એપ્રિલ ૨૦૦૮ - પૃ.૧૫ ઉપર) સહજ સત્સંગમાં આપેલ છે, જે જિજ્ઞાસુએ જોઈ જવા વિનંતિ.

## ખાસ નોંધ

**જાન્યુઆરી ૨૦૧૦થી સહજ-સત્સંગનું વાર્ષિક માતૃચરણે અર્પણ રૂા.૧૨૫/- રહેશે. કાગળ, પ્રિન્ટીંગ, બાઈન્ડીંગનો ખર્ચ વધતા સદર વધારો અનિવાર્ય બની ગયો છે. ક્ષમસ્વ. - ટ્રસ્ટી મંડળ**

## વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

### વૈદિક સૂકતો

### નાસદીય સૂક્ત પ્રકરણ - (૩ ચાલુ)

ઋગ્વેદનાં ૧૦માં મંડળનું ૧૨૯મું સૂક્ત એટલે નાસદીય - સૂક્ત. પરમેષ્ટી નામના પ્રજાપતિ ઋષિનું આ સૂક્ત છે. જગત નિર્માણ થયાં પહેલા આ બ્રહ્માંડની શું સ્થિતિ હતી તે જાણવાની જિજ્ઞાસાથી તેમણે સમાધિ અવસ્થામાં જઈ તે અતિપ્રાચીન કાળમાં પ્રવેશ મેળવી ત્યાં જે અનુભવ્યું તે આ સૂક્તમાં જણાવેલ છે. આજના વૈજ્ઞાનિકો પણ આ બાબતમાં સંશોધન કરી રહ્યાં છે તેમ જ બ્રહ્માંડના જન્મ બાદની વીસ સેકંડમાં શું થયું તેનું પણ સંશોધન કરી રહ્યાં છે.

નાસદીયનો અર્થ છે ન+અસદ્+ઈય. ન એટલે નહિં, અસદ્ એટલે અસ્તિત્ત્વ વિનાનું અને ઈય એ વિશેષણ બનાવવા વપરાતું પદ છે. દા.ત. વિત્ત એટલે ધન અને વિત્તીય એટલે ધન બાબતનું. ઋષિ કહેવા માગે છે કે બ્રહ્માંડ નિર્માણ થયું તે પહેલાં બ્રહ્માંડ અસ્તિત્ત્વમાં જ નહોતું એમ નથી. તે સૂક્ષ્મ સ્તરે અસ્તિત્ત્વ ધરાવતું હતું. ફક્ત ભૌતિક સ્તરે હજી તે પ્રગટ થએલ નહોતું. કદાચ તે અર્થમાં તેને વ્યવહારમાં તેનું અસ્તિત્વ નથી એમ કહી શકો. તેથી બ્રહ્માંડ ત્યારે સત્ હતું (સૂક્ષ્મ સ્તર) અસત્ (ભૌતિક સ્તરે) પણ હતું. જેમ ગર્ભવતી સ્ત્રી હોય તેને માતા ન પણ કહેવાય (હજી બાળક જન્મેલ ન હોવાથી) તેવી આ સ્થિતિ છે.

એ વખત ભૌતિક દેહધારી જીવો નહોતાં, તેથી જન્મમરણની ઘટના નહોતી. તેમનાં નામરૂપ પણ નહોતાં. આકાશ કે પૃથ્વીથી રચાતાં રાતદિવસ પણ નહોતાં.

સૂક્ષ્મ સ્તરે એટલે પરમ-ચેતનાના શુદ્ધ અસ્તિત્ત્વનાં સ્તરે તે વખતે પ્રભુ પોતાની જ અસીમતામાં પોતાનાં જ અસ્તિત્ત્વમાં એકાગ્ર હતાં. તીવ્ર રીતે સભાન હતાં. સ્વયં જાગૃતિમાં હતાં. તે તેમની પરા-જાગૃત અવસ્થા હતી. તેવી અવસ્થામાં પ્રભુએ સંકલ્પ કર્યો : 'એકો અહં બહુ સ્યામ્' હું એકમાંથી જ અનંત રૂપે પ્રગટ થાઉં. દરેક રૂપ પણ પૂર્ણતા જ પ્રગટ કરે તેથી તે મુજબ થવા પ્રભુની શાંત અચલ ચેતનામાંથી એક સક્રિય ચેતના પ્રગટ થઈ. એ જ દિવ્ય-શક્તિ સ્વરૂપ અદિતિ. તેને ઋષિ દિવ્ય મનસ (અતિમનસ) કહે છે. તે માનવી મનનું મૂળશુદ્ધ સારતત્ત્વ છે

તેમાંથી વિવિધ દિવ્ય-શક્તિઓ સ્વરૂપ દેવો નિર્માણ થયાં (આને શ્રી અરવિન્દ અધિમનસ કહે છે)

આ દિવ્ય-મનસની શક્તિઓ નીચે અવતરણ પામતાં તે વિકૃતિ થઈ ગઈ તેમાંથી માનવી-મન, પ્રાણ, પાર્થિવ તત્ત્વ રચાયાં.

**૧ નાસદાસીનો સદાસીત્તદાની નાસીદ્રજો નો વ્યોમા પરો યત્ । કિમાવરીવઃ કુહ કસ્ય શર્મન્ન્ અંભઃ કિમાસીદ ગહનં ગભીરમ્ ॥**

આ જગત નિર્માણ થયું નહોતું ત્યારે તે નહોતું જ એવું નથી (ન અસત્ આસીત્) (શાસ્ત્રોમાં ઉત્પત્તિ પૂર્વેના અભાવને પ્રાગભાવ કહે છે.) જગતનો પ્રાગભાવ નહોતો. સાંખ્ય-શાસ્ત્રનાં સત્કાર્યવાદનું બીજ અહીં મળે છે. સાંખ્ય માને છે કે કારણમાં જ કાર્ય બીજસ્વરૂપે રહેલ છે, તેથી કોઈપણ કાર્ય નિર્માણ થતાં પહેલાં નહોતું એમ નથી. તે અવ્યક્ત છે એમ કહો. જીવાત્મા પણ હતાં, પણ તેમને વ્યક્ત થવા પાંચકોષ જોઈએ તે અભિવ્યક્તિનાં માધ્યમ ન હોવાથી તે અવ્યક્ત જ હતાં.)

અર્થાત્ ત્યારે બધું જ સત્ સ્વરૂપ, બીજરૂપ, ૠતમ્ સ્વરૂપ હતું (સત્ આસીત્ તદાનીં) ત્યારે પરમાણુઓ પણ બંધાયાં નહોતાં (નાસીત્ રજો) ત્યારે ઉપર દેખાય છે તે આકાશ પણ નહોતું (ન વ્યોમા પરો યત્). ત્યાં શ્રેષ્ઠ દિવ્યપ્રકૃતિ અને અપરા પ્રકૃતિ જેવું કનિષ્ઠ પણ કાંઈ નહોતું (કિમ અવરીવઃ) ત્યાં પિતા નહોતા તો પુત્ર ક્યાંથી હોય (કુહ કસ્ય શર્મન). તો શું હતું ? (કિમ આસીત્) ફક્ત નિરાકાર પાણી જેવી નિરાકાર ચેતના હતી (અંભં) જે અસીમ, ગહન અને અતળ હતી (ગહનં ગભીરં)

**૨ ન મૃત્યુરાસીદમૃતં ન તર્હિ ન રાત્ર્યા અહન આસીત્પ્રકેતઃ । આનીદવાતં સ્વધયા તદેકં તસ્માદ્ધાન્યન્ન પરઃ કિં ચમાસ ॥**

જીવાત્મા શરીરધારી ન હોવાથી ત્યાં મૃત્યુ નહોતું (ન મૃત્યુરાસીત્) પણ ત્યાં અમરતા પણ નહોતી (અમૃતં ન તર્હિ) (કારણ મૃત્યુ નહોતું તો તેમાંથી છુટકારારૂપ અમરતા કેવી રીતે હોય ?) ત્યાં રાતદિવસ નહોતાં (ન રાત્ર્યાઅહન આસીત્) (કારણ પૃથ્વી જ ન હોવાથી રાતદિવસ થવા જ શક્ય નથી. તેથી તેમના સૂચક (પ્રકેતઃ) અંધકાર કે પ્રકાશ પણ નહોતાં). ત્યાં પરમચેતનામાં સંકલ્પોની સ્ફૂરણા સ્વરૂપ વાયુ પણ નહોતો (અવાતં). પ્રભુ પોતામાંજ એકાગ્ર હતા (સ્વધયા આનીત્). પ્રભુથી શ્રેષ્ઠ કે અન્ય કાંઈ જ નહોતું (તસ્માત્ પરં અન્યત્ ન કિંચન આસ) (ક્રમશઃ)

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

**અવતરણો** (Integral Healing પૃ.૩ થી ૧૦)

1 Humanity has reached a certain state of general tension - p.3.
2 We may take it as a sure sign of the infusion into matter of a new principle of..... consciousness. p.3
3 (In the old Yoga).... the spiritual aspiration of man was turned towards a silent inactive peace, detached from all worldly things..... precisely to avoid battle. p.4
4 There is another aspect of the divine grace, the aspect of progress which will be victorious over all obstacles. p.4
5 Indian Yoga, in its essence a special action or formulation of certain great powers of Nature. P.5
6 .... all life is eighter consciously or unconsciously a Yoga. P.5
7 We mean by this teron (Yoga) a methodised effort towards self-perfection by the express of the secret potentialities latent in being. P.6
8 Yogic methods have something of the same relations to the customory psychological workings of man as has the scientific handling of the force of electricity. P.6
9 The preoccupation with Yogic processes and their exceptional results may have its disadvantages and losses. P.7
10 ..... through something in the lower that we must rise into the higher existence and the schools of Yoga each select their own point of departure. P.7
11 Yogin seeks to substitute.... the integral action of the lower Nature by the integral action of the higher Nature working in and by God and unity. P.7
12 In psychological fact this method translates itself into the progressive surrender of the ego. P.8
13 To become conscious, first of all. P.9
14 Undo all ties. P.10

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## સમન્વયાત્મક યોગ શું છે ?

પ્રકરણ - ૧

માનવ-વંશ હાલમાં સાધારણરીતે માનસિક, ભાવનાત્મક અને શારીરિક તાણ

નીચે જીવી રહ્યો છે. આ વસ્તુ દર્શાવે છે કે સમગ્ર વંશ જુની ચેતનાનાં કૌચલાને ભાંગીને નવી ચેતનામાં આરોહણ કરવા માંગે છે. નવી ચેતનાના લક્ષણો વિકસીત માનવોમાં થોડાઘણા સ્પષ્ટ દેખાઈ રહ્યાં છે. પણ આવા વિકસિત માનવો જગતમાં સર્વત્ર વિખેરાએલાં છે. એક દેશમાં જ નથી.

**બળોનો સંઘર્ષ**

નવી ચેતનાની વિકાસ પ્રક્રિયામાં ઉત્ક્રાંતિને ધપાવનાર રચનાત્મક બળો અને તેના વિરોધ વિનાશાત્મક બળો વચ્ચે તુમુલ સંઘર્ષ ચાલી રહ્યો છે. તેના પરિણામ સ્વરૂપ આ તાણ છે. બન્ને પ્રકારના બળો પૃથ્વી ઉપર અવતરી માનવી જીવન અને પ્રાકૃતિક બળો દ્વારા કાર્ય કરી રહ્યાં છે.

**નવી અને જુની આધ્યાત્મિકતા**

જુની આધ્યાત્મિકતામાં આ યુદ્ધ અને તેનાથી નિર્માણ થએલાં તાણને નિવારવા જીવનમાંથી ભાગી જઈ શાંત નિષ્ક્રિય નિર્વાણ કે બ્રહ્મનિર્વાણમાં પ્રવેશી જવાની તાલાવેલી હતી. મોક્ષને જ, છૂટકારાને જ, જીવનનો અંતિમ ઉદ્દેશ ગણવામાં આવતો હતો. એ પણ પ્રભુકૃપાનો જ પરિણામ હતો. પણ પ્રભુકૃપાનું એક બીજું સર્જનાત્મક, પ્રગતિકારક પાસું પણ છે. તેમાં ઉપરોક્ત નિર્વાણને યોગ અને જીવનનો પાયો બનાવી જીવનમાંના અવરોધોને જીતી શકાય છે. જીવનને દિવ્ય બનાવી શકાય છે.

**અર્વાચિન જગતમં નવો યોગ**

પ્રકૃતિનાં તત્ત્વોમાં પ્રચંડ ઉથલપાથલો થઈ રહી છે. જુના માનસિક શારીરિક ઘાટો ભાંગીને નવા ઘાટો રચવા જાણે નિસર્ગ અવનવા પ્રયોગો પૃથ્થઃકરણો અને સંયોજનો કરીને નવી સુધારીત આવૃત્તિ અસ્તિત્વમાં લાવી રહી છે. ભારતીય યોગપ્રણાલીમાં પણ તત્વતઃ આ જ વસ્તુ કરાય છે. આ યોગ જાણે જીવનમાંથી મુક્ત થઈ અર્વાચિન જીવનને અનુરૂપ સત્યો ધારણ કરવા મથી રહ્યો છે. તેમાં તે જીવનનાં જુનાં અને નવાં સત્યોને વધારે ને વધારે સમન્વય કરી વિશાળદૃષ્ટિ રાખી રહ્યો છે.

**યોગ શું છે ?**

જીવન પોતે જ નિસર્ગનો એક અભાન યોગ છે. યોગનો અર્થ છે આપણા સ્વરૂપમાંની ગુપ્ત અને સુપ્ત ક્ષમતાઓને પ્રગટ કરી સ્વયંપૂર્ણતા પ્રાપ્ત કરવાનો શિસ્તબદ્ધ પ્રયત્ન, જેમાં વ્યક્તિ, વિશ્વ અને વિશ્વાતીત અસ્તિત્વમાં સુસંવાદિતા લવાય છે. આ બધા જ અસ્તિત્વનાં સ્તરો હાલમાં વ્યક્તિ દ્વારા આંશિકરીતે જ અને વિકૃતરીતે જ પ્રગટ થઈ રહ્યાં છે. નિસર્ગ પોતાના દિવ્ય સત્યને શોધી, મેળવવા પ્રયત્ન કરી રહ્યો છે જ. માનવી સંકલ્પ તેમાં ભેળવવાથી તે પ્રક્રિયા વેગ પકડે છે અને અવરોધો ઓછા આવે છે. કોઈપણ યોગ-પ્રણાલી એ ફક્ત વ્યક્તિની પસંદગીનો

સવાલ છે કારણ તેમનો આધાર સર્વ સાધારણ નિસર્ગની વેરવિખેર પદ્ધતિમાંથી એક કે વધુ પ્રકાર ઉપર જ હોય છે. દિવ્યપ્રકૃતિ સામુહિક કાર્ય પ્રયોજે છે અને તે પ્રભુની ચેતનામાં રહી કાર્ય કરતી હોય છે. તો આપણું કાર્ય છે વિવિધયોગની વિવિધ પ્રણાલીઓમાંથી એક સમન્વયાત્મક માર્ગ શોધી કાઢવો. માનસશાસ્ત્રીય શબ્દોમાં કહેવું હોય તો આ માર્ગને સમર્પણનો માર્ગ કહી શકાય. અહંકારનો, પોતાની સમગ્ર જાતનું તેની ઊર્ધ્વમાં રહેલ અસીમ-ચેતનાને સર્વાંગી સમર્પણ.

ઊર્ધ્વચેતના નિમ્ન-ચેતના ઉપર ત્રણ રીતે કાર્ય કરે છે.

૧ તેની કોઈ પ્રભાવ પાડવાની નિશ્ચિત પદ્ધતિ નથી. વ્યક્તિની પ્રકૃતિ અનુસાર તે બદલાય છે.

૨ તે નિમ્નપ્રકૃતિ જે રીતે સંઘટીત થએલ છે તેને સમગ્રરીતે જેવી છે તેવી સ્વીકારી લે છે.

૩ દિવ્યશક્તિ સમગ્ર જીવનને પોતાના ક્ષેત્ર તરીકે સ્વીકારે છે.

**યોગની પૂર્વતૈયારી**

આપણે આપણી જાતના નાનકડા ભાગ બાબત સભાન છીએ. હવે આપણે વધારે ને વધારે સભાન બનવાની જરૂર નિર્માણ થાય છે. આપણી અભાનતા જ આપણા નિમ્ન સ્વરૂપને પોષે છે. સભાનતાનો અર્થ છે તમે તેને વિવેક-શક્તિ નીચે મૂકો છો. તમારી વિવેકશક્તિ જેને દિવ્ય ગણે છે, તે રીતે જ તમે વર્તવાનો આગ્રહ રાખો અને સંકલ્પ સેવો. પોતાના ગુપ્ત અને પ્રગટ હેતુઓને અને તેની પાછળ રહેતા બળોને ઓળખતા શિખો.

**યોગોનો સમન્વય**

આ દૃષ્ટિકોણથી જોતા યોગ એટલે કોઈ ગૂઢ અને આધ્યાત્મિક અસાધારણ વસ્તુ છે જેનો દૈનંદિન જીવન સાથે કોઈ સંબંધ નથી, એ ભ્રમ ભાંગી જાય છે. વૈશ્વિક - શક્તિ યોગનું લક્ષ્ય પાર પાડવા આંતરિક બાહ્ય વિકાસ સાધી રહી છે. વિજ્ઞાન જેમ પોતાના જ્ઞાનના બળે વિદ્યુતશક્તિ અથવા બાષ્પશક્તિનો ઉપયોગ જીવનને સુખથી ભરી દેવા કરે છે તેમજ યોગ પણ આંતરિક-શક્તિઓને વિકસાવી જીવનને પરિપૂર્ણ કરવા મથે છે. વિજ્ઞાનની જેમ યોગના અતિરેકનાં દુષ્પરિણામો હોય છે જ. તેથી વ્યક્તિ સામાન્ય ભૌતિક જીવન ઉપરથી પકડ ગુમાવી દે છે. તેથી યોગનો સામાન્યજીવન સાથે સુસંવાદ ગોઠવવો જરૂરી છે. પ્રભુ અને નિસર્ગને ફરી જોડવા જરૂરી છે. આ જ યોગ સમન્વયનો પાયો બની જાય છે. તેથી નિમ્ન પ્રકૃતિને દિવ્યપ્રકૃતિમાં રૂપાંતર કરવું શક્ય બને છે.

## યોગ-સમન્વયની પદ્ધતિ અને પ્રક્રિયા

નિમ્નપ્રકૃતિમાંથી મુક્ત થવા માટે વિવિધ યોગ પ્રણાલીઓ વિવિધ માર્ગ અનુસરે છે. પણ માનવી પ્રકૃતિમાંના બધા તત્ત્વો સામુહિકરીતે અને વ્યક્તિગતરીતે બન્ને રીતે કાર્ય કરીને એક સંકુલ પરિણામ નિપજાવે છે. અહીં આપણો સમન્વયાત્મક યોગ જુદો પડે છે. તે નિમ્નપ્રકૃતિના સામૂહિક કાર્યના સ્થાને દિવ્ય પ્રકૃતિના કાર્યને ગોઠવો છો. પણ આપણે આપણી ટેવો, ગમા, અણગમા, પસંદગી, જરૂરિયાતોમાં જ બંધાઈ જઈએ છીએ. તેમાંથી છૂટકારો મેળવી નિરપેક્ષ થવાની જરૂર છે. બધા જ બંધનોમાંથી માનસિક છૂટકારો મેળવવો જરૂરી છે. એનો અર્થ છે પરિસ્થિતિ મુજબ તત્કાળ બદલ કરવાની ક્ષમતા, સુશિક્ષિત પણ સમજવાની, અનુભવવાની, જીવવાની, આદર્શોની ટેવથી મુક્ત નથી.

દિવ્ય, પ્રભુ, એ શબ્દો આધુનિકોને ગમતા નથી. પણ તમે પ્રેમ, પૂર્ણતાને, તો સ્વીકારો છો ને ? શબ્દોને મહત્ત્વ નથી. તમે તમારી રીતે આગળ વધો. અરે અમેરિકન હિપ્પી માર્ગ પણ યોગનો માર્ગ હોઈ શકે છે.

---

(પૃ. ૪૮ ઉપરથી) **શ્રી અરવિન્દ પુદુચેરી આગમન શતાબ્દી**

પાર્થિવ ચેતનામાં તાન એટલે કોઈ પ્રસંગ કે ઘરના સાથે તન્મય બનવું, જ્યારે આધ્યાત્મિક ચેતનામાં તાન એટલે દિવ્ય ચેતના સાથે તાદાત્મ્ય અનુભવવું. દિવ્ય ચેતના સાથે તાદાત્મ્ય એટલે જીવ અને જગતનો નાથ બન્ને અલગ અસ્તિત્વ નથી. બંને એક જ રૂપ છે તેની અનુભૂતિ. આમ તાન એટલે દ્વૈતભાવ નહીં પરંતુ અદ્વૈત ભાવ. માનવે તાદાત્મ્ય મેળવવા માટે પોતાની જાતને સંપૂર્ણપણે પ્રભુને સમર્પવાની છે. સંપૂર્ણ સમર્પણ દ્વારા માનવ પોતે શરીર, પ્રાણ કે મન સ્વરૂપ નહીં, પરંતુ પરમાત્માના અંશ આત્મા તરીકે પોતાને અનુભવે છે. ગીતા જણાવે છે તે મુજબ સમર્પણથી માનવની અંદર રહેલો કર્તાભાવ નાશ પામે છે. માનવ પોતે દિવ્ય ચેતનાનું સાધન છે તેમ અનુભવે છે.

ચાલો, આપણે સૌ શતાબ્દીની ઉજવણી દ્વારા આપણી જાતને પ્રભુની શક્તિ પ્રત્યે વધુ ને વધુ ખુલ્લી કરતા જઈએ, જેથી પ્રભુ આપણને તેની શક્તિ દ્વારા પૂર્ણતા તરફ પ્રગતિ કરાવે. આ પ્રગતિ દ્વારા પ્રભુનાં જે નવાં સ્વરૂપો આવિર્ભાવ પામવા માંગે છે તે સ્વરૂપે આપણે સૌ બની રહીએ એ જ કરુણામયી માને પ્રાર્થના.

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન જાન્યુઆરી - ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

## નૂતન વર્ષની ખાસ પ્રાર્થના

નૂતનવર્ષની શરૂઆતમાં પ્રભુ પાસેથી શું માગવું યોગ્ય રહેશે તેની આપણને મુંઝવણ થાય છે, ''પ્રભુ, આ વર્ષ સાર્થક બનો, દરેક પગલે યશ અને સૌભાગ્ય વધે, નિરામય જીવન રહે, અમારી અભીપ્સાઓ વાસ્તવિક બને, ઘરમાં, જીવનમાં અને આ જગતમાં શાંતિ રહે.'' આવી યાદીને કોઈ અંત નથી. અંતે એક તો માગવું જ જોઈએ. ખરેખર તો તે યાદીના મોખરે રહેવું જોઈએ.

પ્રભુ, અમને સભાનતાના પ્રકાશ તરફ લઈ જાઓ. પણ આ બાબતનાં આપણે જ દુશ્મન છીએ. બીજાનો વાંક કાઢવાનો અર્થ નથી. આપણે જ જાણતા અજાણતા પ્રભુને ભૂલી જઈએ છીએ અને બધી પ્રગતિને ધોઈ નાખીએ છીએ. તે વખતે જ સંકટો સ્મિત કરતાં કરતાં આપણી ડેલી ખખડાવતા હોય છે. સંકટો એ આપણી આંતરિક સ્થિતિનો અરીસો છે. તેથી એક માગણી પ્રભુ પાસે અચૂક કરવી જોઈએ.

''પ્રભુ, તમારું સંરક્ષણ આપો જેથી અમે અમને નુકસાન કરનારાઓથી અળગા રહીએ, અદિવ્ય તત્ત્વો જે અમને આડફાટે લઈ જાય છે તેથી સાવધ રહીએ. જે અશુભ છે તેથી બચીએ.''

પણ સહુથી મહત્ત્વનું એટલે પ્રભુ, અમારાથી જ અમને બચાવજો કારણ ''આત્મૈવ રિપુરાત્મનઃ'' (અમેજ અમારા દુશ્મન છીએ.)

# સુંદર કથાઓ
- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## સત્યવકતા
(પેજ - ૮૧-૮૨)

દિલ્હીનાં શહેનશાહનો દરબાર ભરાયો હતો. આજે વિદ્વાનોનો સત્કાર થઈ રહ્યો હતો. દરેકને ભેટ-સોગાદ, માન ઈલ્કાબ આપવામાં આવી રહ્યાં હતાં. કાર્યક્રમ પૂરો થવા આવ્યો હતો, પણ જેને આમંત્રણ આપેલું તેવો સૈયદ મહંમદ હજી હાજર થયો નહોતો.

શહેનશાહે દરબાર પૂરો થયાંનું જાહેર કર્યું; ઊભા થયાં, સલામી ઝીલી અને પાલખીમાં જઈ બેઠા ત્યાં..... સૈયદ મહંમદ હાંફતો દોડતો આવી પહોંચ્યો.

શહેનશાહે દરબારમાં હાજર સૈયદના પિતા તરફ જોયું. પિતાએ કરડાઈથી પૂછ્યું. ''કેમ મોડો પડ્યો ?'' સૈયદે નિખાલસતાથી જવાબ આપ્યો,

''અબ્બાજાન, આજે મને જરા વધારે ઊંઘ ચડી ગઈ હતી.''

સમગ્ર દરબાર જવાબ સાંભળીને અવાચક બની ગયો. ''શું શહેનશાહને આના કરતા સારું કારણ ન આપી શક્યો હોત ? તદ્દન મૂર્ખ છે આ માણસ.''

પણ શહેનશાહે વિચાર કર્યો, ''સાચી વાત કહેવામાં જેને પોતાની આબરૂની પડી નથી, આવો જ સલાહસૂચન આપનારો મારે જોઈએ.''

તેમણે ગળામાંથી મોતીનો હાર કાઢી સૈયદ મહંમદને પહેરાવી નવાજ્યો.

સાચું બોલવાથી અંતે ભલું જ થાય છે.

# શ્રી અરવિન્દ પુદુચેરી આગમન શતાબ્દી

## ઉજવણીનો અર્થ

- હર્ષદ ઠકરાર

આપણે સૌ શ્રી અરવિન્દ પુદુચેરી આગમન શતાબ્દી ઉજવી રહ્યાં છીએ, ત્યારે સ્વાભાવિક માનવમનને પ્રશ્ન થાય કે ઉજવણીનો અર્થ શું થાય? ઉજવણીનો હેતુ શું છે?

ઉજવણી એટલે જે પ્રસંગની ઉજવણી કરવાની છે તે પ્રસંગની પાછળ રહેલ દિવ્ય ચેતનાનું ભૌતિક ચેતનામાં પ્રાગટ્ય. દિવ્ય ચેતના ભૌતિક ચેતનામાં પ્રગટ થવાથી માનવની અંદર સામૂહિક સ્વરૂપે શુભ ભાવના જન્મે છે. આ શુભ ભાવના માનવની અંદર દિવ્યતા પ્રત્યે કૃતજ્ઞતા અભિવ્યક્ત કરાવે છે, તે જ ઉજવણી છે. બીજા શબ્દોમાં કહીએ તો માનવની પાર્થિવ ચેતનામાં સુષુપ્ત બીજરૂપે રહેલ સમર્પણ અને ભક્તિનું અંકુર રૂપે પ્રાગટ્ય. ઉજવણી એટલે બીજમાંથી વટવૃક્ષ બનવા તરફની પ્રગતિ.

ઉજવણી એ ફક્ત પાર્થિવ ચેતના પૂરતી મર્યાદિત રાખવામાં આવે છે, તે ઉજાણી બની જાય છે. પરંતુ ઉજવણી તેના સાચા અર્થમાં આધ્યાત્મિક ચેતના દ્વારા દિવ્યતાની પ્રાપ્તિ અર્થે કરવામાં આવે છે, ત્યારે તે મહોત્સવ બની રહે છે. ઉજાણી અને મહોત્સવ બન્નેમાં માનવ ક્રિયા તો એક જ કરે છે, પરંતુ ઉજાણી માનવ માટે કર્મકાંડ સ્વરૂપ બની રહે છે, જ્યારે મહોત્સવ દિવ્ય ચેતનાનો કર્મયોગ બની જાય છે.

ભૌતિક ચેતનાની ક્રિયાઓ જેવી કે ખાન, પાન, માન, દાન, ગાન અને તાન સ્થૂળ ક્રિયાઓ જ રહે છે, જ્યારે આ જ ક્રિયાઓ આધ્યાત્મિક ચેતના દ્વારા કરવામાં આવે તો દિવ્યતા સાથે આપોઆપ યોગ બની જાય છે.

પાર્થિવ ચેતના દ્વારા લેવાતું ખાન એટલે કે ભોજન માનવશરીરની ભૂખ સંતોષવવાના ભોગ તરીકે લેવાતું હોય છે, પરંતુ આ જ ભોજન આધ્યાત્મિક ચેતનામાં પ્રભુના પ્રસાદ તરીક લેવાતું હોય છે. ભોગથી માનવના મનમાં ભય ઉત્પન્ન થાય છે, જ્યારે પ્રસાદથી માનવના મનમાં પ્રસન્નતા ઉત્પન્ન થાય છે. માનવના મનમાં ઊઠતી આ પ્રસન્નતા માનવના શરીરને પરમ ચેતનાના અસ્તિત્ત્વના આધારરૂપે તૈયાર કરી આપે છે.

પાન એટલે પાર્થિવ ચેતનામાં પાણી અથવા અન્ય પ્રવાહી પીણું પીવાની ક્રિયા. જ્યારે આધ્યાત્મિક ચેતનામાં પાન એટલે પ્રભુની દિવ્ય ચેતનાને ગ્રહણ કરવાની ક્રિયા. સંસ્કૃતમાં 'ગો'નો અર્થ પ્રકાશ, જ્ઞાન થાય છે. પી એટલે પીનાર ગ્રહણ કરનાર થાય છે. તે રીતે માનવે પ્રકાશ ગ્રહણ કરી સાચા અર્થમાં 'ગોપી' બનવાનું છે. શ્રી અરવિન્દ જણાવે છે તે મુજબ પ્રકાશ મૂળભૂત રૂપે સર્જન શક્તિ છે, તે મુજબ માનવે સાચા અર્થમાં 'ગોપી' બની પોતાની અંદર રહેલ સર્જકશક્તિ દ્વારા દિવ્યતાને અભિવ્યક્ત કરવાની છે.

પાર્થિવ ચેતનામાં માનનો અર્થ અભિમાન, સ્વમાન વગેરેને સંતોષવવા માટે કરવામાં આવે છે, જ્યારે આધ્યાત્મિક ચેતનામાં માન એટલે સર્વે પ્રત્યે શુભ ભાવ પ્રગટ કરવો. જગતની સર્વે અસ્તિત્વ ધરાવતી કૃતિ તે પ્રભુની કૃતિ છે, તેની અનુભૂતિ શુભભાવ કરાવે છે. શુભભાવ માનવની અંદર રહેલ નકારાત્મકતાને દૂર કરી આપે છે, જેથી માનવ જગતમાં ઘટતી સર્વે ઘટનાને માયા સ્વરૂપે નહીં પરંતુ પ્રભુની લીલા તરીકે અનુભવે છે. આથી શ્રી માતાજી જણાવે છે તે મુજબ ફક્ત પ્રભુમાં જ સુખ રહેલું છે એમ અનુભવે છે.

પાર્થિવ ચેતનામાં દાનને માનવ પોતાના અહમ્કારને સંતોષવા માટે કોઈ સંસ્થા કે કોઈ વ્યક્તિને આર્થિક મદદ તરીકે મૂલવે છે. આધ્યાત્મિક ચેતનામાં દાનને માનવ પોતાના અહમકારથી મુક્ત થવાની તેમ જ અપરિગ્રહતા સદ્ગુણના વિકાસ તરીકે અનુભવે છે. અપરિગ્રહના સદ્ગુણ દ્વારા માનવમાં પરિત્યાગનો સદ્ગુણ આપોઆપ વિકાસ પામે છે. પરિત્યાગ દ્વારા માનવ શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ પાર્થિવ પ્રકૃતિના ઉપર માનસિક, પ્રાણમય શક્તિના મિથ્યા આભાસો અને અસત્યમાંથી મુક્તિ મેળવે છે.

પાર્થિવ ચેતનામાં ગાન એટલે ગીતો ગાવાં તેવો અર્થ થાય છે. આધ્યાત્મિક ચેતનામાં ગાન પ્રભુપ્રાપ્તિની માટેની ઝંખના દ્વારા રજૂ થતી પ્રાર્થનાઓ છે. માનવમાં રહેલી ઝંખનાની સાથે માનવનો ખંત સાથ આપે છે ત્યારે ઝંખના શુદ્ધ અભીપ્સા રૂપે પ્રગટે છે. શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ શુદ્ધ અભીપ્સા દ્વારા જ માનવ યોગસાધનાના મહાન અને કષ્ટ સાધ્ય ઉદ્દેશને સિદ્ધ કરવા સમર્થ બને છે. માનવની અંદર પ્રગટ થતું આ સામર્થ્ય માનવની અંદર પ્રભુની કૃપાને ગ્રહણ કરવાની તેમ જ કૃપાશક્તિને ધારણ કરવાની શક્તિ આપે છે. આ રીતે ગાન એટલે તેના શુદ્ધ સ્વરૂપે પ્રભુ પ્રત્યેની શુદ્ધ અભીપ્સા.

(પૃ. ૪૪ ઉપર)



**શ્રી અરવિન્દ**

ગ્રંથ - રચના સુકારકઃ, વિશ્વ - રહસ્ય તુ ધારકઃ ।
આર્ષ - દૃષ્ટિ વિકાસકઃ, વેદ રહસ્ય સુદર્શકઃ ॥





# સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH